# ગર્ભપાત : એક ખૂન
# કારણો અને સમાધાનો

યુગપ્રધાનાચાર્યસમ પૂજ્યપાદ
ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબ

# પ્રસ્તાવના

દીક્ષાના પ્રારંભના વર્ષોમાં મુંબઈના અલગ અલગ સંઘોમાં થતા પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનોમાં વારંવાર ગર્ભપાત છોડવાની ધારદાર પ્રેરણાઓ સાંભળવા મળી, ત્યારે તો એમ લાગેલું કે 'પૂ. ગુરુદેવશ્રી કેમ આવી વાતો કરે છે ? એક તો આપણી ધર્મસભામાં જૈનો જ આવે છે અને એમાં ય પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનોમાં તો ધર્મરુચિવાળાઓ જ વધારે આવે. તેઓ તો કીડીને પણ મારતા નથી હોતા, તો પોતાના પેટના સગા બાળકને મરાવી નાંખવાનું પાપ તો ન જ કરે, તો પછી પૂ. ગુરુદેવશ્રી શા માટે આવી પ્રેરણા કરતા હશે ?'

પણ મારી એ વિચારધારા સાવ ખોટી હતી, એવું આજે મને લાગે છે. છેલ્લા બે વર્ષમાં સુરત જેવા ધાર્મિક શહેરથી માંડીને ચેન્નઈ સુધીના ૧૬૦૦ કિ.મી.ના વિસ્તારમાં ફરવાનું થયું. પ્રવચનકાર બની ગયા હોવાથી ઘણી ઘણી સત્ય ઘટનાઓ જાણવા-સાંભળવા મળી... અને આંખો ફાટી ગઈ...

ક્યારેક એ જૈન મા-બાપ ઉપર ગુસ્સો આવ્યો...

ક્યારેક 'અમે શ્રમણોએ કેમ આ બાબતની કાળજી ન કરી ?' એ વિચારથી જાત ઉપર જ ગુસ્સો આવ્યો...

અને દર વખતે 'પૂ. ગુરુદેવશ્રી ૧૦૦% સાચા હતા... પણ એ વાતનો આનંદ શું માણું ? કેમ કે એ સાચા હતા, એનો મતલબ એ જ કે હજારો જૈનો જૈન બનતા પહેલા જ કપાઈ મર્યા.' એવા વિચારો પણ આવ્યા.

આપણા ગુરુએ જ્યોતિષાદિના જ્ઞાનથી યુદ્ધની આગાહી કરી હોય, તો ય આપણે પ્રભુ પાસે એક જ પ્રાર્થના કરીએ ને કે, 'જ્યોતિષ તો યુદ્ધ દર્શાવે છે, પણ અમારા ગુરુની આગાહી ખોટી પડે તો સારું...'

અરે, આપણા સદ્‌ગુરુ પણ એવી જ અપેક્ષા રાખે.

પણ દુર્ભાગ્યે પૂ. ગુરુદેવશ્રી ૧૦૦% સાચા સાબિત થયા...

આજે આ પુસ્તક લખી રહ્યો છું, કારણ કે

(૧) જે જૈનો ગર્ભમાં કપાઈ ગયા, એ તો બચી શક્યા નથી. પણ એ પાપ કરનારાઓને પશ્ચાત્તાપ થાય, પ્રાયશ્ચિત્ત કરે... તો તેઓ પાપમાંથી બચે. તેઓ આવતા ભવોમાં કોઈક જૈન માતાના પેટે આવ્યા બાદ જન્મ લેતાં પહેલાં જ કપાઈ જતા, સળગી જતા, ચૂરો થઈ જતા બચે.

(૨) ભવિષ્યમાં જે માતાઓ પોતાના પેટના બાળકને કાપી નાંખવાના હશે, તેઓના હાથમાં કદાચ આ નાનકડું પુસ્તક પહોંચે અને એમને એ પાપ ન કરવાનું મન થાય. એના કારણે એ પેટના બાળકો મોતના મુખમાંથી પાછા ફરે, બચે... અને એમાંથી કોઈક બાળક આવતી કાલે મહાન આચાર્ય બને, સાધુ બને... મહાન શ્રાવક બને, સાધ્વી બને, શ્રાવિકા બને... કેટલુંય સંભવિત છે ને...

આ બધામાં મને કંઈક તો લાભ મળશે જ...

આ મારો સ્વાર્થ...

(૩) અને હા ! સૌથી મોટો સ્વાર્થ...

આવતા ભવોમાં હું પણ ક્યારેક કોઈક જૈન માતાની કુક્ષિમાં હોઈશ, ત્યારે

- મારી માતાને કોઈપણ કારણોસર મને મારી નાંખવાની ઈચ્છા નહિ થાય...

- મારી માતાને ગર્ભપાતની સલાહ આપનારા કોઈ નહિ હોય,

- મારી માતાનો આખો પરિવાર ગર્ભસુરક્ષા માટે તત્પર હોય...

આ બધું જ થશે, મેં આ પુસ્તક લખતી વખતે ભાવેલી પવિત્ર ભાવનાઓ પુણ્યના પ્રભાવે...

અલબત્ત,

આ વિષય આમ મારો નથી,

મને આના વિશે સાયન્સ લાઈનની વિશેષ જાણકારી પણ નથી.

છતાં મને લાગે છે કે મારી થોડી પણ મહેનત થોડીક પણ સફળ તો થશે જ.

જિનાજ્ઞા વિપરીત કંઈ પણ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.

આ પુસ્તકમાં નીચેની બાબતો લેવામાં આવશે.

(૧) ગર્ભપાત કેમ કરાવવામાં આવે છે ?

(૨) એ કારણોનું સમાધાન શું ?

(૩) ગર્ભપાત કેટલું મોટું પાપ છે ?

(૪) ગર્ભપાતના કેટલાક સત્ય પ્રસંગો.

(૫) ગર્ભપાતના નુકસાન શું ?

(૬) ગર્ભપાત કરાવી જ દીધો હોય, તો હવે શું ?

- યુગપ્રધાનાચાર્યસમ પૂજ્યપાદ
ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબનો શિષ્ય
મુનિ ગુણહંસવિજય

જેઠ સુદ પાંચમ, વિ.સં. ૨૦૭૩,
તા. ૩૦ મે, ૨૦૧૭,
જૈન સ્થાનક
શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘ,
પલ્લાવરમ, ચેન્નઈ.

# ૧

# ગર્ભપાત કરાવવાના કારણો

## ૧. લગ્ન પહેલાં થઈ ગયેલી ભૂલ :

આજનો જમાનો એકદમ છૂટછાટનો છે. પિક્ચરો જોઈ-જોઈને છોકરા-છોકરીઓ, હીરો-હીરોઈનોને આદર્શ માનવા માંડ્યા છે. એટલે જ લગ્ન પહેલાં પણ **Boy friend** હોવા, એમની સાથે **Love** હોવો, રોમાન્સ કરવો, આ બધું કદાચ એ નાદાન ઉંમરવાળી ગ્રેજ્યુએટ (!) છોકરીઓને સામાન્ય લાગે છે, પાપ નથી લાગતું.

આમ પણ સ્કૂલમાં ભેગા, કૉલેજમાં ભેગા, ટ્યુશનમાં ભેગા... સતત સાથે રહેવાનું થાય, એટલે મનમાં વાસનાઓ જાગે, એ શક્ય છે. એમાં ક્યારેક એકાંત મળે, આવેશ જાગે... ભૂલ કરી બેસે... અને અમુક સમય બાદ ખ્યાલ આવે કે ગર્ભ રહી ગયો છે...

હવે એ બિચારી છોકરી ગભરાય ? સમાજ આવું પાપ ન સ્વીકારે, પરિવાર આવું પાપ ન જ સ્વીકારે, એ બિચારી છોકરી શું કરે ?

કૉલેજમાં **Bold** થઈને ફરનારી, સિંહણ અને વાઘણ જેવી દેખાતી એ છોકરી ગર્ભ રહ્યા બાદ બકરી અને હરણી જેવી ગભરૂ બની જાય.

એની પાસે એક જ રસ્તો બાકી રહે છે, ગર્ભપાત !

ગોળીઓ લઈને કે મશીન દ્વારા એ આ કામ ખાનગીમાં પતાવી આવે છે અને આવા કામમાં સહાય કરનારા પૈસા ભૂખ્યા રાક્ષસો ઓછા નથી.

એ છોકરીને 'માતા નથી બનવું' એવું નથી. જો લગ્ન બાદ ગર્ભ રહ્યો હોત, તો એના અરમાન જ અલગ હોત, પરંતુ અહીં તો સમાજનો ભય એને કોરી ખાય છે... અને એની સામે ટકવાની તાકાત કોઈની નથી ?

પ્રશ્ન : લગ્ન પહેલાં થઈ જનારી આ ભૂલની સંભાવના ક્યાં ક્યાં હોય છે ?

ઉત્તર : (૧) નવરાત્રિ માટે નીકળેલી છોકરી એ દરમિયાન ભૂલ કરે...

(૨) કૉલેજમાંથી ફરવા જવાનું થાય, ત્યારે...

(૩) ભણવાના બહાને **Friend**ને ત્યાં જાય, ત્યારે...

(૪) કોઈ લગ્નપ્રસંગમાં, રિસેપ્શનમાં મોડી રાત સુધી રોકાય, ત્યારે...

(૫) વૅકેશનમાં મામા-માસાને ત્યાં રહેવા જાય, ત્યારે...

(૬) મા-બાપ વગેરે બહારગામ ગયા હોય, ત્યારે...

(૭) મા-બાપ વગેરે શિબિરાદિ માટે બે-ત્રણ કલાક બહાર ગયા હોય, ત્યારે...

(૮) કૉલેજમાં રજા હોય, છતાં કૉલેજમાં જવાનું કહીને નીકળે ત્યારે...

(૯) કૉલેજમાં વાર્ષિક પ્રોગ્રામમાં નૃત્ય આદિ કરવાનું, એ માટે એને શીખવાડનાર પાસે શીખવા જાય, ત્યારે... (કોરિયોગ્રાફર)

(૧૦) સગા ભાઈ સિવાય બીજાને ભાઈ બનાવે અને એની સાથે વધુ સંપર્ક રાખે ત્યારે

આવા તો ઘણા ઘણા વિકલ્પો છે, જ્યાં **without marriage** છોકરી ગંભીર ભૂલ કરી બેસે, ગર્ભ રહે અને ગર્ભપાતનું પાપ કરી બેસે.

પ્રશ્ન : આનાથી બચવાનો ઉપાય શું ?

ઉત્તર : ઉપાયની વિચારણા બીજા પ્રકરણમાં કરશું.

**(૨) લગ્ન પછી તરત જ ગર્ભ રહેવો :**

લગ્ન કર્યા છે મોજશોખ માટે, એટલે સામાન્યથી એ દંપત્તિને એવી ઈચ્છા હોય કે લગ્ન બાદ બે-ચાર વર્ષ સુધી બાળક ન જોઈએ.

જો બાળક થાય, તો એને સાચવવામાં, મોટો કરવામાં ઘણો સમય જતો રહે. હરવા-ફરવાનું ઘટે, ખાવા-પીવાનું ઘટે, સંસાર સુખ ઘટે...

જે જિંદગી માટે લગ્ન કર્યા હતા, એ જિંદગી જ ખતમ થઈ જાય. આવું કેટલાક દંપત્તિઓને પસંદ ન પણ પડે, એમને સંતાન કરતાં સંસાર સુખ ઘણા વ્હાલા લાગે અને એટલે જ એ પહેલા ગર્ભ રહી જાય તો કતલ કરાવવાનું ઘાતકી પાપ તેઓ કરી જ લે.

**(૩) Career માં પ્રતિબંધક લાગે :**

કેટલીક છોકરીઓ ઘણી જ હોંશિયાર હોવાથી ઘણી બધી ડિગ્રીઓ મેળવી ચૂકી હોય, મોટી કંપનીઓમાં જોબ કરતી હોય (જોબ એટલે નોકરી જ છે અને એ નોકર જ કહેવાય. પણ આ નોકર શબ્દ તો ઝાડુ-પોતા કરનારાઓ માટે વપરાય છે ને, એટલે એ શબ્દ તે બધાંને પસંદ નથી, માટે નવા જમાનાના લોકો નોકરી શબ્દ નહિ બોલે, Job શબ્દ જ બોલશે. બાકી એમના ઘરે કામ કરનારા નોકરોની જે હાલત છે, એ જ હાલત મોટી કંપની વગેરેમાં નોકરી કરનારા આ મોટા નોકરોની છે, નાના નોકરોના કપડાં બરાબર ન હોય, એમના કામ નબળી કોટિનાં હોય, તેઓ અભણ હોય... એટલો ફરક... બાકી નોકર એટલે નોકર...)

આ છોકરીઓની મહત્ત્વાકાંક્ષા ઘણી હોય છે, મોટી ડિગ્રી, કામ કરવાની આવડત, પાપોદયે મળેલું વિશિષ્ટ રૂપ... આ બધાના કારણે તેઓ વધુ ને વધુ વિકાસ તો પ્રાપ્ત કરી જ લેતા હોય છે અને સાથે સાથે સંસારસુખ માટે લગ્ન જીવન પણ ચાલુ કરી દે છે.

પણ જો બાળક થાય, તો એને સાચવવું શી રીતે ? એને સાચવે,

તો પોતાની **Career** ઉપર ચોકડી જ મૂકવી પડે. એ આ છોકરીઓને પસંદ ન હોય, એટલે તેઓ જો ભૂલથી ગર્ભ રહી જાય, તો કાકડી કાપે એમ કપાવી નાંખે.

### (૪) ગરીબાઈમાં સંતાનને ઉછેરવાનો પ્રશ્ન :

શિક્ષણ-સમાજ વગેરે કારણોસર શહેરોમાં રહેવું જરૂરી બન્યું. એમાં

- પોતાની ખુદની મૂડી ન હોય, ઓછી હોય...

- સાવ નાનું ઘર લેવામાં પણ લાખો તો લાગી ગયા હોય, ભાડે રાખે, તો પણ મોટા ભાડાની સામે આવકની રકમ ઓછી...

- મોંઘવારીનો પાર નહિ... દૂધ-શાક-અનાજ-કઠોળ આદિ આવશ્યક વસ્તુઓ પણ અતિશય મોંઘી...

- કેટલાક મોબાઈલ આદિના નકામા ખર્ચાઓ પણ વ્યસન જેવા બની ગયા હોવાથી અત્યંત આવશ્યક બની ગયા... (મોબાઈલ-વોશિંગ મશીન-ઘરઘંટી-ટી.વી. -કોમ્પ્યુટર-ઘરકામ માટે કામવાળી... વગેરે.)

- ધંધામાં કે નોકરીમાં સખત કોમ્પિટીશન હોવાથી આવકનું પ્રમાણ ઓછું.

- જો બાળક આવે, તો એને નાનકડા ઘરમાં સમાવવું પડે, એને મોટું કરવાનો ખર્ચો ઘણો મોટો, એને ભણાવવાનો ખર્ચ લાખો રૂપિયા. (કદાચ એકાદ બાળકને સમાવી લે, પણ પછી બીજા-ત્રીજા માટે તો મન જ સખત ના પાડી દે.)

અને છેવટે ઈચ્છા ન હોય, તો પણ નિર્ણય લેવામાં આવે, ગર્ભપાત.

જેના ઘરેથી દીક્ષા થઈ છે અને જે યુવાન ખુદ પોતે પણ દીક્ષા લેવાનો હતો. માત્ર શરીરની બિમારીના કારણે ન લઈ શક્યો, એ યુવાને લગ્ન બાદ પોતાના સંતાનને કપાવી નાંખ્યો, કારણ આ જ કે ઓછી આવકમાં એ પોતાના આખા પરિવારને અને સાથે આ નવા બાળકને સાચવી શકે એમ ન હતો.

સંસારના દુઃખોના ત્રાસથી એની આંખો એટલી હદે સૂકી થઈ ગયેલી, કે પાપોનો એકરાર કરતી વખતે પણ આંખોમાં પશ્ચાત્તાપ હોવા છતાં આંસુના બુંદ ન હતા.

### (૫) શરમ (નં. ૧)

એક સંતાનનો જન્મ થયો. બે-ચાર મહિનામાં જ બીજો ગર્ભ રહે, એટલે એ છોકરીને શરમ આવે કે 'લોકો શું બોલશે ? આ દંપત્તિને ભાન નથી ? હજી એક સંતાનને માત્ર બે-ચાર માસ થયા છે. એમાં આ બીજું સંતાન ? બિચારા પહેલાની સંભાળ કોણ કરશે ? બેયની જીંદગી બગડશે...'

લોકો અંદરોઅંદર આવી વાત કરશે, મશ્કરી કરશે, મજાક કરશે... એવા ભયથી સીધો નિર્ણય, 'ગર્ભપાત...'

### (૬) શારીરિક નબળાઈ :

કેટલીક સ્ત્રીઓનું શરીર નબળું હોય, વારંવાર પ્રસૂતિ સહન કરી શકે એવી કોઈ શક્તિ ન હોય. અરે, કેટલીક સ્ત્રીઓને તો એકાદ વારની પ્રસૂતિ પણ મોત જેવી હાલત લાવી મૂકનારી હોય...

આવી હાલતમાં તેઓ પ્રસૂતિ પસંદ ન કરે, ગર્ભપાત પસંદ કરે...

### (૭) શરમ (નં. ૨)

કોઈકને ચાલીસની ઉંમર પછી ગર્ભ રહે. પહેલાના સંતાનો પરણી ગયા હોય કે પરણવાની ઉંમરના થયા હોય, હવે આવા વખતે પોતે પાછી 'મા' બને, તો કેવું ખરાબ લાગે ને ?

અરે, એ સ્ત્રીની દીકરી 'મા' બનવાની હોય, ત્યારે એ સ્ત્રી પણ પાછી 'મા' બને, તો એ આજના જમાનામાં એકદમ વિચિત્ર લાગે અને એટલે જ સ્ત્રી મોટી ઉંમરે મા બનવા તૈયાર ન થાય. જો ગર્ભ રહી જાય, તો પછી શરમના કારણે કરાવી દે ગર્ભપાત !

### (૮) જાનનું જોખમ :

ડૉક્ટર એમ કહી દે કે 'બેમાંથી એક બચશે ! કાં તો મમ્મી કાં તો સંતાન !' આવી પરિસ્થિતિમાં 'મા'ને બચાવી લેવા માટે સંતાનને ગર્ભમાં જ ખતમ કરી દેવામાં આવે.

### (૯) પેટમાં છોકરી છે :

કોઈક દંપત્તિને છોકરો જ જોઈતો હોય, કોઈકને પહેલા જ એક/બે/ત્રણ છોકરી થઈ ચૂકી હોય... અને હવે ખબર પડે કે 'ગર્ભમાં છોકરી છે' તો એની જરૂર ન હોવાથી એને cut કરવામાં આવે.

### (૧૦) બળજબરી :

માતાની ઇચ્છા બિલકુલ ન હોય કે 'ગર્ભપાત કરવું.' પણ પતિ-સાસુ-સસરા વગેરે કોઈપણ કારણોસર સખત દબાણ કરે અને એ દબાણને પરવશ થઈને એણે ગર્ભપાત રડતી આંખે કરાવવો પડે.

### (૧૧) સૌંદર્ય બગાડ :

'મા' બન્યા બાદ સ્ત્રીનું સૌંદર્ય ઘટે છે, બગડે છે... આકર્ષકતા રહેતી નથી. શરીર મોટું બની જાય છે. આ બધું રૂપાભિમાની, સૌંદર્યલાલચી સ્ત્રીને (સંતાનના જન્મ બાદ પણ...) પસંદ ન પડે. પોતાનો પતિ પોતાની પાછળ પાગલ રહે, લોકો એને જોવા તલસતા રહે, એ માટે એ સ્ત્રી સંતાનનું મુખ જોવાનો તલસાટ માંડી વાળે અને સ્વયં પાગલ જેવી હરકત કરીને સંતાનને કપાવી નાંખે.

### (૧૨) ક્રોધ :

પતિને કે સાસુ-સસરાને સંતાનપ્રાપ્તિની અનહદ ઇચ્છા હોય અને સ્ત્રીને ગર્ભ રહી પણ ગયો. પણ પછી કોઈક પ્રસંગે ઘરમાં સખત ઝઘડો થયો. એમાં સ્ત્રીને આવ્યો ગુસ્સો ! બદલો લેવાની વૃત્તિ સળવળી ઉઠી. 'એ બધા સંતાનની રાહ જોઈને બેઠા છે ને, એ સંતાનને જ ખતમ કરી

નાંખુ...' એવી ભાવનાથી, આવેશમાં આવીને ગર્ભપાત કરાવે. એનાથી પરિવાર આખો અત્યંત ત્રાસ પામે...

**(૧૩) બળાત્કાર :**

બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીને જો ગર્ભ રહી જાય, તો એ પોતાની ઈજ્જત બચાવવા ખાતર ગર્ભપાત કરાવે છે.

લગ્ન પૂર્વેની ભૂલમાં તો ખુદ પોતે પણ ગુન્હેગાર છે. બળાત્કારની બાબતે એ સ્ત્રી દોષિત નથી. એટલે જ તો સરકારે તો ગર્ભપાત કરાવવાની કાયદેસર છૂટ આપી દીધી છે.

**(૧૪)** પહેલેથી ખબર પડી જાય કે જો બાળક જન્મ લેશે, તો એ મંદબુદ્ધિવાળો, ગાંડો કે એવા કોઈ ગંભીર રોગવાળો જ બનશે. એટલે એવાને જન્મ આપ્યા બાદ એને આખી જીંદગી શી રીતે સાચવવો ? એ સૌથી મોટો પ્રશ્ન છે. માટે જ આ બાબતમાં પણ ગર્ભપાત કરવાની કાયદેસર છૂટ છે.

**(૧૫)** જન્મ આપનારી માતાને જન્મ બાદ વિચિત્ર રોગો થવાની સંભાવના હોય.

**(૧૬)** માતાને જો ડાયાબિટીસ વગેરે અમુક રોગો હોય, તો એનો બાળક અત્યંત નબળો થવાની સંભાવના છે. એને સાચવવામાં ભારે તકલીફ પડે એમ છે, માટે ગર્ભપાત કરાવો.

(આવું જો કે ભાગ્યે જ બનતું હશે...)

સામાન્યથી આ ૧૬ કારણો ધ્યાનમાં આવ્યા છે. બીજા પણ કારણો હશે જ, પણ આમાં ઘણા ખરા ગર્ભપાતોનો સમાવેશ થઈ જતો હશે.

★ ★ ★

# ૨

# ગર્ભપાતના કારણોના સમાધાનો

**(૧) લગ્ન પહેલાં થતી ભૂલ :**

આ ભૂલો થવાના જે કારણો છે, એનાથી એમને દૂર રાખવા જરૂરી છે.

(૧) પિક્ચરો જોઈ જોઈને એમના મનના આદર્શો જ બદલાઈ ગયા છે, એ પાપની જિંદગી એમને પાપ લાગતી જ નથી.

જો છોકરીઓને પિક્ચરો જોતાં ન અટકાવી શકતા હો, તો કંઈ નહિ... પણ એની સામે શીલની સુરક્ષા માટે જીવન આપી દેનારી અને કોઈકના જીવન લઈ પણ લેનારી એવી સીતા વગેરે મહાસતીઓના પ્રસંગો એમને કહો, ભાવવિભોર બનીને કહો... એમના મગજમાં નાનપણથી જ જો એ સંસ્કારો પડેલા હશે, તો તેઓ મોટી ભૂલો નહિ જ કરે.

(૨) દર વર્ષે એકવાર છોકરીઓને કોઈપણ એક શિબિરમાં અવશ્ય મોકલો. સાધુ કે સાધ્વીજીની શિબિરમાં ગયેલી એ છોકરીઓ મહાત્માઓનો સંપર્ક પામીને કંઈક તો સુધરશે જ. એમનામાં પવિત્રતાનો પ્રેમ ઉભો થશે.

(૩) સાધુ-સાધ્વીજીઓ તે તે અવસરે આ વિષય ઉપર જોરદાર પ્રવચન આપે અને એમને એક પ્રતિજ્ઞા આપે કે 'લગ્ન પહેલાં ભૂલ ન કરવી.'

માતા-પિતા પણ દીકરીને ગંભીરતા સાથે સમજાવે કે 'દીકરી !

સ્કૂલ-કૉલેજમાં પરિચય તો થતો જ રહેવાનો, તું લગ્ન પહેલાં ભૂલ ન કરતી...' અને બાધા આપે. એ બાધા એના માટે બંધનરૂપ બને, તો સારું જ છે.

(૪) નવરાત્રિ, લગ્ન આદિ કોઈ પણ પ્રસંગોમાં દીકરી રાત્રે દસ વાગ્યા પછી ઘરની અંદર જ હોવી જોઈએ... આવી કડકાઈ કરો, દસ વાગ્યા પછી જો એણે બહાર રહેવાનું થાય, તો મા-બાપ કે ઘરની કોઈ સમજદાર, ગંભીર વ્યક્તિ એની સાથે હોવી જ જોઈએ.

(૫) છોકરીના મોબાઈલમાં કશું પણ ખાનગી, છૂપાવેલું હોવું જ ન જોઈએ. મા-બાપે દર સાત દિવસમાં ગમે ત્યારે એની જાણકારી બહાર મોબાઈલ જોઈ લેવો જોઈએ, 'અજાણ્યા નંબર કોના છે,' એ ચેક કરી લેવું જોઈએ.

(૬) બારમા ધોરણ સુધી માત્ર છોકરીઓની સ્કૂલમાં જ ભણાવો અને ભણવાના સમય સિવાય એને બહાર રહેવા જ ન દો.

કૉલેજ માટે પણ એ જ નિયમ કરો...

શક્ય હોય તો કૉલેજ મોકલો જ નહિ... ઘરે બેસીને ભણી શકે. નહિ તો, ડિગ્રી મેળવશે, પણ તમે દીકરીને ગુમાવી બેસશો.

(૭) મા-બાપ દીકરીને ખૂબ પ્રેમ આપે, એનો વિશ્વાસ જીતે, એની લાગણી જીતે... દીકરીને એવું થવું જોઈએ કે 'મારા મમ્મી-પપ્પાને દુઃખ થાય એવું હું કશું જ નહિ કરું.'

**ઘણી ખરી છોકરીઓ ઘરના નિર્દોષ પ્રેમની ખામીના કારણે બહારના વિકૃત પ્રેમ પાછળ ઘસડાઈ જતી હોય છે.**

(૮) સૌથી અઘરો છતાં સુંદર મજાનો ઉપાય છે. 'છોકરીઓને ભણાવવા માટે સ્કૂલ-કૉલેજમાં મોકલો જ નહિ.' એમાં છોકરીની જિંદગી બગડવાની છે એમ ન માનશો.

હા ! એને વ્યવહાર શિક્ષણ આપવું જરૂરી છે, એ માટે વર્તમાનમાં

ઉપલબ્ધ વિકલ્પોમાં પૂ. મુનિ હિતરૂચિ વિ. મ.સા. એ જે ગુરુકુળ વ્યવસ્થાની પ્રેરણા કરી અને એ પ્રેરણા પ્રમાણે અમદાવાદ, કેશવનગર પાસે અને સુરત, ટીમલીયાવાડ પાસે જે પ્રાચીન પદ્ધતિ પ્રમાણે છોકરીઓ માટે ગુરુકુળ ચાલે છે, એ અત્યંત આદરણીય છે.

મર્યાદાસભર વસ્ત્રો, માથે ઢાંકેલું... વગેરે વગેરે ઘણી બાબતો...

પ્રાયઃ પૂ. અરૂણોદયસાગરજી મ.સા. એ પણ આવું જ ગુરુકુળ કોબા ખાતે ચાલુ કરેલ છે.

જૈનો આના તરફ વધુ લક્ષ્ય આપે અને બીજી બાજુ એ સંસ્થાઓ એ તપાસ કરે કે 'જૈનોને પોતાની દીકરીઓને આમાં મોકલવામાં શું મુશ્કેલી પડે છે ?' અને પછી શક્ય હોય તો એ મુશ્કેલીઓને દૂર કરવી.

કદાચ એમને જૈનોની અપેક્ષાને ધ્યાનમાં રાખીને અંગ્રેજી ભણાવવું પડે કે કોમ્પ્યુટર શીખવાડવું પડે, તો એ વિચિત્ર વસ્તુઓનો પણ સ્વીકાર કરી લઈને છોકરીઓના ભવિષ્યનું-શીલનું સંરક્ષણ કરી લેવું જોઈએ.

આ ઉપાય જો ભોળા (!) જૈનો અપનાવી લે ને તો બીજી લાંબી પંચાતો કરવાની જરૂર જ નહિ પડે.

## (૨) લગ્ન પછી તરત જ ગર્ભ રહેવો :

નાનપણથી માંડીને ધર્મના સંસ્કારો ન મળ્યા હોય, એટલે એ નવા દંપત્તિઓને મોજશોખમાં જ પોતાની જિંદગીનો સંપૂર્ણ લ્હાવો દેખાય. એટલે જ તરત બાળક થાય એ એમને પોતાના સુખમાં વિઘ્નભૂત લાગે.

પણ આવું ન હોવું જોઈએ. લૌકિક શાસ્ત્રોમાં સાંભળ્યું છે કે 'બાળકનું એક સ્મિત મેળવવા માટે હજારો સુખ કુરબાન છે.'

બીજી વાત, માત્ર મોજશોખના તુચ્છ આશયથી ગર્ભ ઉત્પન્ન કરી ગર્ભપાત કરાવનાર મા-બાપ એવું પાપ બાંધે છે કે જેનાથી એમને ભવિષ્યમાં સંતાનની પ્રાપ્તિ થતી જ નથી.

એક દંપત્તિ એવું છે જ કે જેને લગ્નને બાર વર્ષ થયા, ડૉક્ટરોને

બતાવી દીધું, પતિ કે પત્નીમાં કોઈ જ પ્રોબ્લેમ નથી, છતાં સંતાન થતું નથી. એ બિચારાઓ સંતાન માટે વલખાં મારે છે. પાપો કર્યા જ કરે છે, પણ પરિણામ **zero.**

આનો જવાબ ડૉક્ટર પાસે નથી. કારણ કે બંનેના રિપોર્ટ નોર્મલ છે. પણ, કર્મસત્તા પાસે તો આના જવાબ છે જ, તમે તમારા મોજશોખ ખાતર એક સંતાનની જિંદગી બરબાદ કરી છે, તો હવે તમે લાખ પ્રયત્ને પણ નિષ્ફળ જશો.

એક જૈન યુવાન કહે 'મ.સા. ! કૉલેજની પરિચિત એક અજૈન છોકરીએ મારી પાસે રડતી આંખે ફોન પર ભીખ માંગી છે કે મને મારા પતિ દ્વારા સંતાન નથી થતું, તું મને સહાય કર, મને તારા દ્વારા સંતાનપ્રાપ્તિ થશે...'

'મ.સા. ! મેં એને જવાબ આપી દીધો છે કે હું તારા માટે સામાયિક કરીશ, પ્રાર્થના કરીશ... પણ એવા પાપના રસ્તા પર તને સહાય નહિ કરું...'

વિચારો તો ખરા, એ સ્ત્રીને સંતાનની અપેક્ષા કેટલી બધી હશે કે એના માટે પતિનો દ્રોહ કરીને પરપુરુષ સાથે પાપ કરવાની પણ એણે તૈયારી કરી લીધી.

દંપત્તિઓએ આ બધા વિચાર કરીને પોતાની મોજશોખની ઇચ્છાને ગૌણ કરવી અને બાળકને મારી નાંખવાનો વિચાર પણ ન કરવો.

જો મોજશોખ માટે ગર્ભપાતની ઇચ્છા થાય ને, તો બીજું પણ એક કામ કરી શકાય. જે માતાઓ નાના-નાના છોકરાઓને રમાડતી હોય, તેમના દર્શન કરી આવવા. એમનો આનંદ જોઈને શક્ય છે કે એ આનંદ મેળવવા માટે સંતાનને જન્મ આપવાનો નિર્ણય થઈ જાય. મોજશોખની ઇચ્છા ગૌણ થઈ જાય.

અરે, એવી મમ્મીઓ સાથે મિટીંગ કરવી, એમની સલાહ લેવી... એમની વાતો સાંભળીને, એમનો ઉત્સાહ જોઈને ચોક્કસ ગર્ભપાતનો

વિચાર નાબૂદ થઈ જ જશે.

આ ખૂબ જ સરસ ઉપાય છે.

**જેણે પણ ગર્ભપાત કરાવવો હોય, તે એટલી જ બાધા લે કે 'મારે નાના બાળકવાળી, પહેલા જ બાળકવાળી ત્રણ મમ્મીઓના દર્શન કરવા અને એમની સાથે અડધો-પોણો કલાક વાતો કરવી.'**

તમારો વિચાર બદલાશે, એવું મને તો લાગે છે.

ખરી હકીકત એ છે કે સંતાન થાય, એટલે બધા મોજશોખ સંપૂર્ણ બંધ જ થઈ જાય છે. એવું ક્યાં છે ? આ ભૂત કોણે તમારા મગજમાં ભરાવી દીધું છે ? કદાચ બાહ્ય દૃષ્ટિથી અમુક વસ્તુમાં વિઘ્ન આવતું દેખાતું હશે, પણ એના ટકા એકદમ ઓછા...

લોકો સંતાનને લઈને હૉટેલ જાય છે ને ? બહાર ફરવા જાય જ છે ને ?... બધું જ કરે છે. કદાચ એને સાચવી સાચવીને કરવું પડે, એટલો જ ફરક પડે.

કવિ તો ગાય છે, 'દીકરો મારો લાડકવાયો, દેવનો દીધેલ છે...'

એટલે કે સંતાનને Godgift સમજો.

## (3) Career માં પ્રતિબંધક લાગે :

સ્ત્રીના મનમાં રહેલી કેટલીક ગેરસમજ જ એને ઉંધા રસ્તે દોરે છે.

ભણેલી-ગણેલી છોકરીએ માની લીધું કે, 'સંપત્તિ એ Career છે, સત્તા-Post=પદ=મોભો એ Career છે. સ્વતંત્રતા-સ્વચ્છંદતા એ Career છે...'

એ જો માત્ર એટલું માની લે કે 'મારી પવિત્રતા એ જ મારી Career છે,' તો એને Job કરવાનો, પૈસા કમાવાનો, દેખાડો કરવાનો અભરખો ન જાગત.

વળી,

**Office work** એ જેમ એક **Career** છે, એમ

**Home work** એ પણ એક **Career** જ માની શકાય ને ?

શું અક્ષરજ્ઞાન એ જ જ્ઞાન છે ? એ જ્ઞાનના આધારે પ્રવૃત્તિ કરવી એ જ હોંશિયારી છે ? શું કપડાં ધોતા આવડે, વાસણ માંજતા આવડે, રસોઈ ચટાકેદાર બનાવતા આવડે, રોટલી થાળી જેવી ગોળ વણતા આવડે, રોટલી એકપણ કાળા ડાઘા વિનાની પોચી પોચી ફુલકા જેવી બનાવતા આવડે, કચરા-પોતા કરતા આવડે, ઓફિસમાં અનેક લોકો ઉપર **Boss** બનેલા પુરુષને આંગળી ઉપર રમાડતા આવડે - ઘરે પોતાનો નોકર બનાવતા આવડે... એક પણ અક્ષરના જ્ઞાન વિના માત્ર અનુભવના આધારે આવા અતિ અઘરા કાર્યો કરી શકનાર સ્ત્રી શું **Career-less** છે ?

એ **Job** વાળી સ્ત્રીઓ પોતાની જાતને પૂછે કે 'શું તેઓ તીર્થંકરોની માતાને, શિવાજીની માતાને, મહારાણા પ્રતાપની માતાને, હજારો-લાખો મહાપુરુષોની માતાને **Career-less** માને છે ? શું એવું નથી લાગતું કે ધર્મને-રાષ્ટ્રને કે સંસ્કૃતિને ઉત્તમ સંતાનની ભેટ આપવી એ એક સુંદર મજાની **Career** છે ?'

શું ઑફિસમાં બેસીને કામ કરીએ, તો જ **Career** ગણાય ?

શું ઘરની બહાર જઈને, કોઈ **Boss**ની નીચે રહીને કામ કરીએ, તો જ **Career** ગણાય ?

શું કામ કરવાના બદલામાં દર મહિને ચોક્કસ પગાર મળે, તો જ **Career** ગણાય ?

શું તમારા કામ પ્રમાણે તમારો પગાર અને પદ વધે, તો જ **Career** ગણાય ?

એ બહેનોને હું પૂછવા માંગુ છું, એક ગુરુ તરીકે - કલ્યાણ મિત્ર તરીકે, સગા ભાઈ-તુલ્ય તરીકે પૂછવા માંગુ છું કે,

- 'શું ઘરે બેસીને ઘરકામ કરવું, સંતાનોને સાચવવા, સંસ્કારોનું નિર્માણ કરવું એ **Career** નથી ?'

- 'શું ઘરે સ્વતંત્ર કામ કરવું અથવા સાસુની નીચે રહીને કામ કરવું એ **Career** નથી ?'

- 'શું ઘર ચલાવવા માટે, અન્ય ખર્ચ માટે પતિ પ્રેમથી પૈસા આપે, ક્યારેક તમે હકથી વધારે માંગી પણ શકો... અને ક્યારેક પતિના પૈસા ચોરી લો, છતાં એ ચોરી ન ગણાય... આવી એક પારિવારિક આર્થિક જિંદગી એ **Career** નથી ?'

- જો તમે બરાબર કામ સંભાળો તો, થોડાક જ સમયમાં આખા ઘરના માલિક જ બની જાઓ એ જ તમારી પદવૃદ્ધિ છે...

- અરે ! નવો લેવાતો ફ્લેટ તમારા નામે લેવામાં આવે, તો આશ્ચર્ય નહિ... શું આ **Career** નથી ?

શા માટે નોકર તરીકેની **Career** સ્વીકારવી ?

શા માટે આઝાદી ભરેલી **Career** ન સ્વીકારવી ?

હા ! બહારની ઝગમગતી દુનિયાનું આકર્ષણ જ તમને ખેંચી રહ્યું છે.

ત્યાં નવા નવા લોકો મળે, નવા ફંક્શનો, નવી પાર્ટીઓ, નવી જગ્યાઓ... પણ તમારું મન શું કેટલું બધું તુચ્છ છે ? કે આટલી હલકી વસ્તુઓ જોતાની સાથે જ એના તરફ ખેંચાઈ જાય.

ભિખારી બિચારો બે રોટલા મળે, તો ય ભાગે...

કૂતરો એકાદ રોટલી મળતી હોય, તો ય ભાગે...

આવું ભિખારી અને કૂતરા જેવું મન છે તમારું ? કે માત્ર આ બહારના ભપકામાં તમે ભિખારી અને કૂતરાની જેમ પ્રશંસાનું અને પૂંછડી પટપટાવવાનું કામ કરવા માંડ્યા.

તમારા રૂપનો શિકાર કરે હજારો નાલાયક સજ્જન(!) શિકારીઓ એ મંજૂર છે તમને... અરે, એ હિંસક શિકારીઓને આકર્ષવા માટે, રૂપને

વધુ વિકૃત બનાવવા માટે, સેન્ટ-સાબુ-ઉદ્‌ભટ વસ્ત્રો વગેરે બધું જ મંજૂર છે તમને... આ જ તમારી **Career** છે ને ?

બિસ્કીટનું પેકેટ મેળવવા માટે પેલો કૂતરો માલિકે ફેંકેલો બોલ પાછો લાવવા દોડે, માલિકનો નચાવ્યો નાચે... એ જ હાલત વાંદરાની... એ જ હાલત સર્કસમાં કામ કરનારાઓની...

જો તમે પણ માત્ર પૈસા મેળવવા માટે કે તમે સારી માની લીધેલી ઊંચી દુનિયા જીવવા માટે એ **Boss**ની સામે એને ખુશ કરવા માટે બધું જ કરી છૂટતા હો, તો શું તમે પેલા કૂતરા અને વાંદરા જેવા જ ન બની ગયા ?

આ માત્ર એક જૈન સાધુનો ઉપદેશ ન સમજશો ?...

પણ એક જૈન સાધુનો અનુભવ સમજશો.

અમારા પૂ. ગુરુદેવશ્રીના અનુભવ પ્રમાણે કહું તો,

બહાર **Job** કરનારી છોકરી કે સ્ત્રી એ નોકરાણી છે.

ઘરમાં કામ કરનારી છોકરી કે સ્ત્રી એ રાણી છે...

નોકરાણી બનવું કે રાણી બનવું ? એ નિર્ણય તમારે કરવાનો છે.

આમ છતાં એકવાર માની લઈએ કે મોંઘવારીને પહોંચી વળવા માટે **Job** જરૂરી છે અને સંતાનને સાચવવામાં **Job** છોડવી જ પડે, જે ઉચિત નથી અને માટે તમે સંતાનને મારવાની ઈચ્છાવાળા બન્યા છો...

પણ એવી સ્ત્રીઓ માટે આ જ સાચો રસ્તો છે કે

**Atleast** ગર્ભસંભવના કાળમાં બ્રહ્મચર્યનું પાલન કરવું. એટલે પછી ગર્ભપાત કરાવવાનો વખત નહિ આવે.

- આમ છતાં ગર્ભ રહી જ ગયો હોય, આ પુસ્તક વાંચતા પહેલા આવી કોઈ સલાહ આપનાર ન મળ્યું હોવાથી ભૂલ થઈ ગઈ અથવા પુસ્તક વાંચ્યા પછી પણ ભૂલ થઈ ગઈ અને ગર્ભ રહી ગયો... પણ હજી ગર્ભપાત નથી કરાવ્યો, તો એવા બહેનોને મારી વિનંતી છે કે

'અટકી જજો. સંતાન એનું પુણ્ય લઈને આવે છે. એનું પુણ્ય કદાચ તમને પણ કામમાં આવશે, તમે થોડાક ટાઈમ માટે **Job** છોડી દેજો. પછી પાછી મળી જશે. અલબત્ત, એ માટે તમારા સંતાનને ઘોડીયાઘરમાં સાચવવા માટે મૂકવો પડે... એટલું પાપ કરવું પડશે... પણ સંતાનને મારી નાખવા કરતાં સંતાનને ઘોડીયાઘરમાં અને પછી હોસ્ટેલમાં મૂકીને મોટો કરવો... એ પાપ તો ઘણું નાનું છે, બહેન ! મહાન જૈનશાસનમાં જન્મ પામવાનું મહાપુણ્ય લઈને આવેલા એ મહાન આત્માને તારી કુક્ષિમાંથી ધક્કો મારીને, અરેરે ! મારી-કાપીને પાછો મોકલી દેવાનું પાપ તો ન જ કરીશ.'

**Job** માં જનારી મમ્મીઓના નાના બાળકોને સાચવવા માટેના ઘોડીયાઘરો અત્યારે ચાલે જ છે, ઘરડાઘરોની જેમ ઘોડીયાઘરો પણ સમાજ માટે મોટું કલંક છે, પરંતુ ક્યારેક આવા કલંકો પણ ગર્ભપાત જેવા મોટા પાપથી બચવા માટે અનિવાર્ય જેવા થઈ પડ્યા છે.

શ્રેષ્ઠ માર્ગ તો એ જ છે કે **Job** ની ઝંઝટ છોડીને સાચી માતા બનવા માટે લાગી જવું.

**(૪) ગરીબાઈ :**

ગર્ભપાત કરાવવાનું આ કારણ ઘણું વ્યાપક બનેલું છે. 'એ કેટલું સાચું છે ?' એ વિચાર પછી, પણ ઘણાના મગજમાં આ કારણ બેઠેલું હોય છે અને એના ફળરૂપે એક નિર્ણય હોય છે. 'ગર્ભપાત'

ગરીબાઈના કારણે ગર્ભપાતનો નિર્ણય કરનારા એક પરિવાર સાથે મેં સારી એવી પ્રશ્નોત્તરી કરેલી. મને લાગે છે કે એ સૌને ઉપયોગી થશે, એટલે એ અહીં લખું છું.

સાધુ : તમે ગર્ભપાત કેમ કરાવો છો ?

પરિવાર : નવા આવનારને અમે નહિ સંભાળી શકીએ; કેમ કે આવક ઓછી છે, ઘર નાનું છે, મોંઘવારી ઘણી છે...

સાધુ : પરિવારમાં તમે કેટલા જણ છો ?

પરિવાર : પાંચ... મમ્મી, પપ્પા, હું અને શ્રાવિકા (!) અને એક દીકરો...

સાધુ : પાંચનું તો સચવાઈ જાય છે ને ? એટલી આવક તો છે ને ?

પરિવાર : હા...

સાધુ : તો પછી આવનાર સંતાનને પાંચમાં સમાવી ન શકો ?

પરિવાર : અમારા પાંચનો નિર્વાહ પણ સરળતાથી નથી થતો. એમાં પણ ખેંચાખેંચ કરવી પડે છે. કરકસર કરવી પડે છે. ત્યારે માંડ માંડ પૂરું થાય છે.

સાધુ : તો એ જ રીતે થોડી વધારે કરકસર કરીને આ છઠ્ઠાને પણ સમાવી લો ને ?

પરિવાર : સાહેબ ! કરકસરની પણ હદ હોય ને !

સાધુ : એ હદ તો તમે જ નક્કી કરો છો ને ? ધારો કે આ દીકરાનો જન્મ ન થયો હોત અને એ અત્યારે ગર્ભમાં હોત, તો તમે શું કહેત ? 'ચારનું માંડ પૂરું થાય છે માટે અમે ગર્ભપાત કરાવશું.' એમ જ કહેત ને ?... એટલે કે તમે ત્યારે કરકસરની હદ ચારની રાખત. પણ આ બાળક જન્મી ગયું છે એટલે તમે કરકસરની હદ પાંચની રાખી છે. બાકી, જો તમે નિર્ણય કરો, તો છનો નિર્વાહ પણ ગમે તે રીતે થઈ જ જાય.

એ પરિવાર કંઈ બોલ્યો નહિ, પણ એવું લાગ્યું કે તેઓ વિચારતા હશે કે 'મ.સા. ! તમારે તો બોલવું છે, બાકી અમારું મન જાણે છે કે અમે કેવી રીતે જીવીએ છીએ.'

અને આ વાત તેઓની સાવ ખોટી નથી જ, પરંતુ એના માટે નવા આવનારને કાપી નાંખવાનો નિર્ણય એકદમ ખોટો હતો.

મેં ફરી પ્રશ્ન પૂછ્યો...

સાધુ : પાંચનું તો કરી શકશો ને ?

પરિવાર : કરશું જ. અને કરીએ જ છીએ.

સાધુ : 'તો એક કામ કરો, તમારી મમ્મી કે તમારા પપ્પાને કહો કે એ મરી જાય...'

મારું આ વાક્ય સાંભળી તેઓ ડઘાઈ જ ગયા, કદાચ ગુસ્સે પણ થઈ ગયા, મારી સામે બાઘાની માફક જોતા રહ્યા, 'હું શું બોલું છું' એ એમણે સાંભળેલું હોવા છતાં એમને અત્યંત વિચિત્ર જ લાગ્યું. કોઈ સાધુ આવું બોલે જ કેમ ? કે મા-બાપમાંથી કોઈ પણ એકને મરી જવાનું કહી દો.

મેં જ બોલવાનું ચાલુ રાખ્યું.

સાધુ : જુઓ, પેટમાં રહેલું બાળક પણ હવે તમારા પરિવારનો સભ્ય તો ગણાય જ. એનો બહાર જન્મ બાકી છે. અંદર તો જન્મ થઈ ગયો છે ને !

હવે જો તમે તમારા પરિવારના એક સભ્યને મારી-કાપી શકતા હો, તો મેં તો એટલું જ કહ્યું છે ને કે આ સભ્યને બદલે બીજા સભ્યને મરવા દો... એક જશે, બીજો આવશે... તમારે તો પાંચનું જ ભરણ-પોષણ કરવાનું રહેશે ને !

પરિવાર : પણ એમ કોઈ જાતે મરવા તૈયાર ન થાય.

સાધુ : એ તો ગર્ભનું બાળક પણ ક્યાં જાતે મરવા તૈયાર છે ?

પરિવાર : એટલે જ તો ગર્ભપાત.

સાધુ : શાબાશ. ગર્ભપાત શબ્દ વાપરીને તમારી જાતને તમે ઠગી રહ્યા છો. સ્પષ્ટ કેમ નથી બોલતા ? કે ગર્ભનો બાળક જાતે તો મરવાનો નથી, આત્મહત્યા કરવાનો નથી, એટલે અમે એનું ખૂન કરીએ છીએ.

તો એક વાતની હું તમને સલાહ આપું ? તમારા મમ્મી કે પપ્પા ભલે જાતે મરવા તૈયાર ન હો, તમે તો એમને મારી કે મરાવી શકો ને ?

પરિવાર : 'મ.સા. !' (એકદમ ગુસ્સામાં આવી ગયેલા એ ભાઈ)

સાધુ : મોટો અવાજ કરવાથી નહિ ચાલે. (મેં પણ સ્પષ્ટ અને મક્કમ શબ્દોમાં બોલવાનું ચાલુ રાખ્યું.) 'દયા પ્રેરિત મૃત્યુ'ના કારસ્તાનો ચાલે જ છે. તમારે મા કે બાપને ગોળી નહિ મારવી પડે, કોઈને પાંચ લાખની સોપારી નહિ આપવી પડે. પણ જે રીતે આ ડૉક્ટર દ્વારા ગર્ભપાત કરાવો છો એ માસૂમ બાળકનો એ જ રીતે ડૉક્ટર દ્વારા ઝેરનું ઈન્જેક્શન અપાવીને શાંતિ ભરેલું મૃત્યુ અપાવી દો ને, તમારા મા કે બાપને !

ગુંચવાઈ ગયા એ ભાઈ... 'મા-બાપને કેવી રીતે મારી શકાય ?...' એ પ્રશ્ન એમની આંખોમાં વંચાતો હતો. જોકે એ સમજી તો ગયા જ હતા કે મ.સા. કંઈ મા-બાપને મારવાની પ્રેરણા નથી આપી રહ્યા, પરંતુ એમ સમજાવી રહ્યા છે કે જો મા-બાપને ન મારી શકાય, તો પેટના સંતાનને કેમ મારી શકાય ?

એટલે જ એ કંઈક ઠંડા પડ્યા. મારી ઝેરીલી વાણી પણ એ પીને પચાવી ગયા.

સાધુ : ખરી હકીકત તો એ છે ભાઈ ! કે જન્મી ચૂકેલાને જો તમે મારો કે મરાવો તો લોકો અને સરકાર એને ખૂન ગણે છે અને એટલે સમાજનો ભય, સરકારનો ભય તમને કે સૌને જન્મી ચૂકેલાને મારતા અટકાવે છે.

પણ ગર્ભમાં રહેલાને મરાવું, તો એ ખૂન નથી ગણાતું. સરકાર એને ખૂન નથી માનતી, લોકો એને એક વ્યવસ્થા માને છે, કપાઈ જનારો તો બિચારો ફરિયાદ કરી શકતો નથી... અને માટે જ ગર્ભપાત કરાવતા તમને કે કોઈને કોઈનો ભય નથી રહેતો.

અરે, 'વસ્તી વધારો' અટકાવવા માટે બેરહેમ સરકારે લોકોએ ગર્ભપાત સારો માન્યો, એને ઉત્તેજન આપ્યું. એ અનાર્યતુલ્ય લોકોએ બ્રહ્મચર્ય-પાલન નામના ઉપાયનો તો વિચાર જ ન કર્યો, કારણ કે બધાને

ભોગ સુખ તો જોઈએ જ છે.

બાકી, તમને કહું ? જો ભારત સરકાર ગર્ભપાત કરનાર અને કરાવનારને ફાંસીની સજા કે ૨૦ વર્ષ જેલની સજા જાહેર કરે ને, તો એક પણ ડૉક્ટર કે એક પણ પરિવાર ગર્ભપાત કરાવવાનો વિચાર કરતાં પણ ધ્રુજશે.

પરિવાર : સાહેબજી ! આપની વાત મારા મનમાં બેસે છે, પરંતુ સંતાનનો જન્મ થશે, પછી એના ખાવા-પીવાના ખર્ચા, માંદગીના ખર્ચા, ભણાવવાના ખર્ચા, આ બધાને શી રીતે પહોંચી વળશું ?

સાધુ : ભાગ્યશાળી ! આ બધા જ ખર્ચા શું એકાંતે કરવા જ પડે એવા જ છે ? આમાંના ઘણાખરા ખર્ચા તો ઘટી પણ શકે એમ છે.

છતાં આપણે બીજો વિચાર કરીએ.

- નવા આવનારાની માંદગીના ખર્ચનો વિચાર તું કરે છે, પણ તારા મા-બાપની માંદગીના ખર્ચનો વિચાર કર્યો, તેઓ તો હવે ઘરડા થઈ ગયા કે થવા આવ્યા, એમને ઍટેક-ડાયાબિટીસ-બી.પી.-કેન્સર કંઈ પણ થઈ શકે છે ને ? અને એ બધાનો ખર્ચો તો ઘણો બધો મોટો જ હશે ને ? તો શું એ ચિંતાથી તું એમને મારી નાંખવાનું વિચારે છે ? શું તેઓ જાતે જ આપઘાત કરી લે, તો તને પસંદ છે ? નહિ ને ?

તો નવા બાળકને તો એવી કોઈ મોટા ખર્ચાવાળી બિમારી આવવાની શક્યતા ઓછી જ છે તો શા માટે એનો બોજો લઈને ફરે છે ?

બીજી વાત...

તારા મા-બાપને સંસારમાં આવ્યાને સાંઈઠ વર્ષ થઈ ગયા, તને પણ ૩૫-૪૦ વર્ષ થઈ ગયા, તમારા ચાર જણના પુણ્યની પરીક્ષા તો લગભગ થઈ ગઈ કે તમારા ભાગ્યમાં સંપત્તિ નથી, કદાચ ભૂતકાળમાં હતી પણ હવે તો એ જતી રહી... અને હવે તમારા ચારનું કોઈ પુણ્ય

અચાનક જાગે, એવી શક્યતા નથી લાગતી.

હવે તો જે શક્યતા છે, તે આ એક બાળકની અને આવનારા બીજા બાળકની. એ બે હજી નવા છે, અમુક કાળ ગયા બાદ એમનો પુણ્યોદય થાય, એવી શક્યતા નકારી ન શકાય... અને એમનો પુણ્યોદય તને કામમાં આવવાનો જ. તને આગળ એવા દૃષ્ટાંતો આપીશ કે ખાવા-પીવાની તકલીફના કારણે ગર્ભપાતનો વિચાર કરનારી પત્નીને અટકાવીને દીકરીનો જન્મ થવા દેનાર એ ઉત્તમ શ્રાવક આજની તારીખમાં કરોડોપતિ બનીને બેઠો છે...

તમે તમારા પુણ્યે સુખી થાઓ, એ શક્યતા તો હવે નથી.

તો આ બે બાળકોના પુણ્યના ભરોસે સુખી થવાની શક્યતાને શું કામ તમારા હાથે જ ખતમ કરો છો ? એક પ્રયત્ન તો કરી જુઓ...

ક્રિકેટ મેચમાં પહેલા ચાર બેટ્સમેન આઉટ થઈ ગયા, પણ પાંચમો અને છટ્ઠો બે નવા ખેલાડી છે... એમની શક્તિનો અંદાજ નથી. પણ કદાચ જોરદાર બેટીંગ કરી પણ લે... એવી અપેક્ષા તો બધા રાખે જ છે. એટલે જ એમની આશાએ મેચ જીતવાની તક ગુમાવતા નથી.

તમારે માટે આ બાળક અને આવનાર બાળક બંને આવા બે આશાસ્પદ બેટ્સમેન જેવા છે. તું આ નવા બેટ્સમેનને આઉટ ન કર. એ તમારી ભૂલોને સુધારીને વિજય અપાવી પણ દે અને એ વિજય એકલા એનો નહિ હોય, એ ભલે **Man of the match** બને, પણ વિજય તો આખી ટીમનો જ ગણાશે. **Zero** ૨ન ૫૨ **Out** થયેલાનો પણ ગણાશે.

પરિવાર : માંદગીના ખર્ચની વાત તો બરાબર, કે એ અનિશ્ચિત છે.

પણ ખાવા-પીવાનો ખર્ચો, ભણવાનો ખર્ચો, કપડાંનો ખર્ચો... આ બધા તો અવશ્ય કરવા જ પડે ને ? એમાં પહોંચી વળવું અઘરું પડે છે, તેનું શું ?

સાધુ : મેં ઉપર એ જવાબ આપી જ દીધો છે કે તમે ચાર તમારા પુણ્યની ખામીના કારણે આ બિચારા આવનારાને માટે પણ એમ સમજી બેઠા છો કે એને પણ દુઃખ જ મળશે.

તમે એવું કેમ માનો છો ? કે 'આવનારને રોટી-કપડાં-મકાન આપનારા તમે છો.'

અરે, તમારી હેસિયત શું ? કે તમે એને આપો. આવનારો એનું પુણ્ય લઈને આવે છે, એનું પુણ્ય હશે, તો એને બધું જ મળી રહેશે. એ કંઈ તમારી હોંશિયારીથી એને નથી મળવાનું. તમે તો કદાચ નિમિત્ત બનશો. બાકી તો એનું પુણ્ય જ એને બધું પૂરું પાડશે. પુણ્ય નહિ હોય, તો જેમ તમે ચાર નિષ્ફળ ગયા છો, એમ એ પણ નિષ્ફળ જશે. પણ એને એના પુણ્યની પરીક્ષા કરવાની તક તો આપવી જ પડે ને ?

મોટા બેટ્સમેનો આઉટ થઈ ગયા બાદ, હારી જ જવાનું નક્કી જેવું જ થઈ ગયા બાદ, ઘણીવાર પાછળના બેટ્સમેનોએ વિજય અપાવ્યો છે, એ વાત તમે ન ભૂલો. તમારા પરાજયના કારણે તમારા બાળકો પણ પરાજય જ પામશે, એવું તમે શું કામ માની લો છો ?

બીજી વાત...

આ તમારા દીકરાને પૂછો કે 'બેટા ! અમે તને હવે ખાવાનું કશું નહિ આપી શકીએ, તને કપડાં પણ પહેરવા માટે નહિ આપી શકીએ, અમે તને ભણાવી પણ નહિ શકીએ... તો હવે તું શું કરીશ ? અમારી પાસે બે જ વિકલ્પો છે, કાં તો તને મારી નાંખીએ, કાં તો તને અનાથાશ્રમમાં મૂકીએ... બોલ, શું કરીએ ?'

તમે મને કહો કે છોકરો શું પસંદ કરશે ? તમારા દ્વારા મોત ? કે અનાથાશ્રમ ?

પરિવાર : સીધી જ વાત છે. મરવાનું તો કોણ પસંદ કરે, બીજું કશું જ ઠેકાણું ન જ પડે તો છેવટે અનાથાશ્રમ પસંદ કરે.

સાધુ : તો ગર્ભમાં રહેલો બાળક પણ એમ જ કહે છે કે 'મમ્મી-પપ્પા ! તમે મને નહિ ખવડાવી શકો તો ચાલશે. તમે મને કપડાં નહિ પહેરાવી શકો તો ચાલશે, તમે મને નહિ ભણાવી શકો તો તો ચાલશે જ... પણ **Please** ! મને મારતા નહિ, મને સરકારી સ્કૂલમાં ભણાવશો, તો ચાલશે. મને ફાટેલા કપડાં પહેરાવશો તો ચાલશે, મને વધ્યું-ઘટ્યું ખાવાનું આપી દેશો તો ચાલશે... અને આ પણ શક્ય ન હોય તો મને જન્મ આપીને તમે મને એવી કોઈ સંસ્થામાં મૂકી દેજો ને !' અને આજે આખા વિશ્વમાં આવી હજારો સંસ્થાઓ ચાલે જ છે.

આ બાળકના કે ગર્ભસ્થ બાળકના જવાબમાં કશો ફરક નથી આવવાનો.

પરિવાર : જુઓ મ.સા. ! જન્મ આપ્યા પછી તો અમે ગમે તેમ કરીને સાચવીએ જ, પછી કંઈ અનાથાશ્રમમાં ન મૂકીએ. અમારું મન જ ન માને, સમાજમાં પણ કેવું દેખાય ?

સાધુ : તમે તમારી જાતને જ પૂછો કે જન્મેલા દીકરાને અનાથાશ્રમમાં મૂકવા માટે મન ન માને અને એ જ દીકરો પેટમાં હોય, ત્યારે એને મારી નાંખવા માટે તમારું મન માને ? અને માની જ ગયેલું છે ને ?

અને રહી વાત સમાજની ! સમાજમાં તમારું ખરાબ ન દેખાય એ માટે તમે દીકરાને આશ્રમમાં તો નહિ જ મૂકો, પણ એને મારી શકશો ખરા ? એનો મતલબ એ કે 'સમાજમાં તમારું ખરાબ ન દેખાવું' એ જરૂરી છે, એ વધુ મહત્ત્વનું છે, પરંતુ 'બાળકનું ન મરવું' એ એટલું બધું મહત્ત્વનું નથી.

માટે જ તમે બાળકને મારવા તૈયાર થઈ ગયા છો, પણ જન્મી ચૂકેલા બાળકને અનાથાશ્રમાદિમાં મોકલવા તૈયાર થઈ શકતા નથી ને ?

પરિવાર : પેટના બાળકને જોયો નથી ને, એટલે હજી મમતા બંધાઈ નથી.

સાધુ : આ વાત એક અપેક્ષાએ સાચી હશે, પણ બીજી અપેક્ષાએ

ખોટી પણ હોઈ શકે છે.

આજે એવી લાખો માતાઓ છે કે જેઓને જે સમયે ખબર પડે છે કે 'મારા પેટમાં બાળક છે' એ સમયથી એની ખુશીનો પાર નથી રહેતો. એણે બાળકને નથી જોયો, છતાં એના માટે એ નવ મહિના કેટલું બધું સાચવે છે ? પોતાની કેટલી બધી ઇચ્છાઓને ગૌણ કરે છે ? એના પપ્પા પણ એ નવે નવ મહિના કેટલા ખુશ હોય છે... કેવી કેવી કલ્પનાઓ કરતા હોય છે ?

ત્રિશલા માતાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ જ છે. પ્રભુવીર પેટમાં હતા અને માતાને એમના માટે કેટલો પ્રેમ હતો... એ તો જગજાહેર છે અને ગર્ભવતી માતાઓ પણ આ વાતનો સ્વીકાર કરશે જ, કરે જ છે. (જન્મ પછી વિશેષ લાગણી બંધાય, એ બને !)

તમારી મુશ્કેલી એ છે કે ગરીબાઈની, મોંઘવારીની ચિંતા તમારા મન ઉપર એટલી બધી વધારે સવાર થઈ ગઈ હતી કે તમે બીજું કશું જ વિચારી શકતા ન હતા. તમને સાચું માર્ગદર્શન આપનાર કોઈ ન હતું અને તમે સ્વયં તો એવું માર્ગદર્શન મેળવી શકતા ન હતા. તમારી એ ચિંતાઓની ચિતામાં જ તમારી ગર્ભસ્થ બાળક પ્રત્યેની મમતા ઉભી થતાં પહેલાં જ રાખ થઈ ગઈ. એ મમતાનો જ તમે ગર્ભપાત કર્યો.

એકવાર એ બધી ચિંતાઓ બાજુ પર મૂકી દો, માત્ર કલ્પના કરો કે 'તમે સુખી છો, તમને કોઈ જ મુશ્કેલી સંપત્તિની નથી' અને પછી તમે પ્રસન્ન મનથી વિચારશો તો એ ગર્ભસ્થ બાળક માટેની મમતા જાગ્રત થશે, તમે માતા બની જશો, સંતાનના જન્મ પહેલા જ તમારું માતૃત્વ ખીલવા માંડશે... એકાદ માસ આવી મમતા ઘુંટાઈ ગયા બાદ તો દુનિયાની કોઈ પણ તાકાત તમને ગર્ભપાત કરવા માટે પ્રેરક નહિ બની શકે.

અને બહેન !

વીરપ્રભુ તો ભાખી ગયા છે કે 'મારા શાસનકાળમાં ગરીબ પરિવારોમાં રત્ન તુલ્ય સંતાનોનો જન્મ થશે...' તો શું ખબર તમારી

કુક્ષિમાં કોઈ એવું જ રત્ન આવી ગયું હોય. શાસનના એ કોહીનૂર રત્નનો નાશ કરવાનું ઘોર પાપ બહેન ! કમ સે કમ તમે તો ન જ કરતા.

કોઈક શ્રીમંત દ્વારા તમારા બાળકના ભરણ-પોષણનાં ખર્ચ રૂપે લાખેક રૂપિયા તમને અપાવી તો શકું છું, પણ એમ કરીને મારે 'તમારું માતૃત્વ, તમારી ખુમારી વેચાય એવું નથી થવા દેવું. તમે જ સંઘર્ષ કરીને તમારા બાળકને ઉછેરો, ગરીબાઈમાં ઉછેરો, બે આંસુ પાડીને પણ ઉછેરો, તમે ભૂખ્યા રહી-રહીને પણ એનો ઉછેર કરો, તમે નાના-મોટા કામ કરીને પણ બાળકને ઉછેરો, તમે સિલાઈકામ, ખાખરા-પાપડ બનાવવાનું કામ, કપડાં-વાસણ ધોવાનું કામ... રસોઈ બનાવી આપવાનું કામ કરીને પણ તમારા બાળકને ઉછેરો... એ વખતે તમારું માતૃત્વ સોળે કળાએ ખીલશે, તમારી ખુમારી ગંગાનદીનું પૂર બનશે... અને એમાં પેલું બાળક કમળના ફૂલની જેમ ખીલશે. શ્રીમંતોની સંપત્તિના ભાર નીચે એ માતૃત્વને અને ખુમારીને દટાઈને મરી નથી જવા દેવી મારે...'

ભાવવિભોર બનીને, ટપકતા અશ્રુ સાથે જ્યારે મેં એ પરિવારને, એ ભાવિ માતાને પ્રેરણા કરી... ત્યારે તેઓ પણ ગળગળા બની ગયા. એ બહેન તો ચોધાર આંસુએ રડી પડ્યા.

ગરીબાઈની પીડા, ગર્ભપાતના કરી લીધેલા ખોટા નિર્ણયનો પશ્ચાત્તાપ, નવો માર્ગ મળવાથી પ્રગટી ગયેલી પ્રસન્નતા, નવા બાળકથી જીવનમાં કંઈક પરિવર્તન આવવાની મહાન આશા... આવું તો ઘણું ઘણું એમના આંસુ દ્વારા બહાર પ્રગટી ગયું.

એમણે નિર્ણય લઈ લીધો 'અમે મરી જશું, પણ ગર્ભપાત કોઈ ભોગે નહિ કરાવીએ. 'મ.સા. ! અને આજે જ સંકલ્પ કરીએ છીએ કે આવનાર સંતાન શાસનને સમર્પિત કરશું અર્થાત્ એ જો દીક્ષા લેવા તૈયાર થશે તો, અમે એને કદી નહિ અટકાવીએ. એને શાસનની થાપણ સમજીને બરાબર સાચવશું.'

પરિવાર : મ.સા. ! એક મોટા પાપમાંથી બચાવીને અનંત ઉપકાર

કર્યો, આપે અમારી ઉપર ! પણ આ પાપ કરવાનો જે વિચાર અમે કર્યો, એનું પ્રાયશ્ચિત્ત શું ?'

સાધુ : (પ્રાયશ્ચિત્ત આપ્યા બાદ) પ્રભુને હું પ્રાર્થના કરીશ કે તમારી સંપત્તિની ગરીબાઈ અને તમારી હૃદયની શ્રીમંતાઈને છીનવી ન લે. ઊલટું તમારી હૃદયની શ્રીમંતાઈ તમારી સંપત્તિની ગરીબાઈને દૂર કરીને તમારી શ્રદ્ધામાં અત્યંત વૃદ્ધિ કરાવનાર બને.

અને હસતા ચહેરે જ્યારે એ પરિવારે વિદાય લીધી, ત્યારે સજળ નેત્રે હું એમને જોતો જ રહ્યો. પ્રભુને પ્રાર્થના કરતો રહ્યો કે 'આ માતાની કુક્ષિમાં હેમચંદ્રસૂરિ પ્રગટે, એવું કરજે પ્રભુ ! જેથી દેવસૂરિ બનવાનો લાભ મને મળે' અથવા યશોવિજયજી પ્રગટે, એવું કરજે પ્રભુ ! જેથી નયવિજય બનવાનો લાભ મને મળે.'

અને ક્યાંય સુધી એ વિચારોમાં ને વિચારોમાં મારી ભાવધારા અને અશ્રુધારા અવિરત ચાલતી જ રહી. એ મને જ ખબર ન રહી. હા ! એ ત્યારે છૂટી, જ્યારે શિષ્યે આવીને કહ્યું, 'ગુરુજી ! પધારો, ગોચરી આવી ગઈ છે.'

## (૫) શરમ (નં. ૧)

એક સંતાનને જન્મ આપ્યા બાદ થોડાક જ મહિનાઓમાં બીજાનો વારો આવે, એ શરમ નં. ૧ છે. પણ આમાં શરમ રાખવા જેવું શું છે ?

શું સમાજ એવું માને છે કે 'એકના જન્મ બાદ અમુક મહિનાઓ સુધી તો દંપત્તિ બ્રહ્મચર્ય જ પાળે ?' નહિ ને...

તો શું સમાજ એવું માને છે કે 'એકના જન્મ બાદ અમુક મહિનાઓ સુધી બીજો ગર્ભ તો ન જ રહી શકે ?' નહિ ને...

તો પછી જે બન્યું છે, એ સામાજિક બન્યું છે. એમાં શરમ શેની ?

પ્રશ્ન : સમાજમાં એવું તો માને જ છે કે 'એકના જન્મ બાદ બીજાના જન્મ વચ્ચે અંતર હોવું જોઈએ' અને એને માટે બીજો ગર્ભ જલ્દી ન

રહી જાય, એની કાળજી કરવી જોઈએ અને બધા દંપત્તિ આ કાળજી કરતા જ હોય છે. એમાં અમુક દંપત્તિ ચૂકી જાય તો એ બધાની નજરે ચડે અને મજાક-મશ્કરીનો ભોગ બને... એટલે એ બધાની નજરમાંથી બચવા માટે આ ગર્ભપાતનો રસ્તો લેવો પડે છે.

ઉત્તર : તમારી વાત તો હું સમજી ગયો. પણ હું તમને એમ પૂછું છું કે ધારો કે અલ્પકાળમાં જ બીજો ગર્ભ રહી ગયો, તો એમાં તમે એવું કોઈ ગંભીર પાપ કરી નાંખેલું કહેવાય ? એવી કોઈ ગંભીર ભૂલ કરેલી કહેવાય ? કે જેથી તમારે ગભરાવવું પડે ?

પ્રશ્ન : પણ, લોકો કેવી નજરે જુએ ? કેવી કેવી વાતો કરે ?

ઉત્તર : લોકોનો તો ધંધો જ આ છે. બિચારી પવિત્રતમ સીતાને રાવણને ત્યાં ભ્રષ્ટ થઈ ગયેલી સાબિત કરવાની તાકાત આ લોકોમાં છે...

અને એક વાત કહું, લોકોનો કે દરેકનો એક સ્વભાવ છે કે સામેવાળો જો પરેશાન થતો હોય, તો એને પરેશાન કરે. સામેનાને જો મજાક-મશ્કરીની કશી જ અસર ન થતી હોય, તો પેલો બોલનારો પણ કંટાળે જ છે.

એટલે તમે મજાક-મશ્કરીથી જેટલા વધુ ગભરાશો એટલા જ એ લોકો વધુ મજાક-મશ્કરી કરશે. પણ, જો તમે આ વાતને સાવ **Normal** લેશો, હસતા હસતા કહેશો કે 'મારે તો બે જોડીયા બાળકો જેવું થવાનું. જો બે-ત્રણ વર્ષના અંતરે થયા હોત, તો બંનેને અલગ અલગ મોટા કરવામાં વધારે પરેશાની થાત. આ તો બેય એકસરખા, એટલે એકસરખી રીતે, એકસાથે જ મોટા કરવાના આવશે. કેટલી શાંતિ...' તો પેલા બિચારા મશ્કરાઓની બોલતી જ બંધ થઈ જશે.

આ બધાને ચૂપ કરવાનો એક જ રસ્તો છે, તેઓ જે વસ્તુની મશ્કરી કરવાના હોય, એ જ વસ્તુ તમે જ સામેથી હસતા હસતા સ્વીકારો, બધાને સહજ રીતે કહો... એટલે પેલા બધા ચૂપ !

બીજી વાત...

જગતમાં રોજે રોજ એટલા બધા પ્રસંગો બનતા રહેતા હોય છે અને હવે તો મિડીયાના કારણે બધાને એટલી બધી જલ્દી ખબર પડી જતી હોય છે ને, કે તમારા સમાચારની વધારે દિવસ સુધી ચર્ચા કરવાનો અવસર જ નહિ રહે. ત્યાં સુધીમાં તો નવા નવા રોજ રોજ મસાલા આવ્યા જ કરવાના, તમારી વાતો ક્યાંય ભૂલાઈ જવાની. તમારે માત્ર થોડોક કાળ એ ચર્ચા સહન કરવાની આવશે.

તમારું ભાગ્ય જોરદાર હશે ને, તો તમારા આ અલ્પકાળમાં બીજા ગર્ભના સમાચારની સાથે સાથે બીજા કોઈ એવા જોરદાર મોટા સમાચાર આવ્યા હશે ને, કે તમારી વાતો ક્યાંય ધરતીમાં દટાઈ જશે.

ત્રીજી અને સૌથી મહત્ત્વની વાત...

અલ્પકાળમાં બીજો ગર્ભ રહી ગયો, એ ધારો કે દોષ હોય તો પણ એ તમારો દોષ છે, એમાં પેલો ગર્ભસ્થ બાળક શું કરે ? એનો શું દોષ ? તમારા દોષની સજા એને શા માટે ? આવો અન્યાય તમે શી રીતે કરી શકો ?

તમારા દોષની સજા છે, થોડી ઘણી મજાક-મશ્કરી સહન કરવી પડે તે... તો એ સજા તમારી છે, તમે ભોગવો. તમે તમારી સજામાંથી બચવા માટે સગા બાળકને મોતની સજા ન ફટકારી શકો. તમારા મા-બાપ ઉંમરના કારણે વિચિત્ર વર્તન કરતા હોય અને એટલે તમારી મશ્કરી થતી હોય, તો શું તમે મા-બાપને મારી નાંખશો ?

તમે કોઈનેય નહિ, ખાલી તમારી જાતને પૂછો...

તમારા જેવા મોટા થઈ ગયેલાએ મજાક-મશ્કરી સહન કરવી પડે, એ સજા અને તમારા જ પેટના સંતાને કપાઈ મરવું પડે... એ સજા...

બેમાંથી કઈ સજા મોટી ?

તમને શરમ તો એ વાતની આવવી જોઈએ કે,

તમે આવડા મોટા, સમજદાર થઈને લોકોની સામાન્ય મજાક પણ સહન કરવાની શક્તિ નથી ધરાવતા અને તમારા પેટના સંતાનને કાપી નાંખવાની સજા ફટકારી દો છો ?

એ વિચાર કેમ ન આવ્યો ? કે અમે સામાન્ય મજાકના શબ્દો પણ જો સહન નથી કરી શકતાં, તો પેલો બાળક કપાઈ જવાની, ભયાનક મોતની સજા શી રીતે સહન કરશે ?

તમે ગ્રેજ્યુએટ છો, ભણેલા-ગણેલા છો... એવું મને તો લાગતું નથી. નહિ તો આવી મૂર્ખતા તો ગામડાના માણસો ય ન કરે, તમે શી રીતે કરો છો ?

હવે સુધરી જાઓ, તો સારું.

## (૬) શરીરની નબળાઈ :

વ્યવહારથી જોઈએ, તો આ કારણ કંઈક યોગ્ય કારણ કહેવાય. સ્ત્રી માતા બનવા નથી માંગતી એવું નથી. પણ શરીર નબળું છે અને પ્રસૂતિમાં એની નબળાઈ ઘણી વધી શકે એમ છે... આવું બને પણ છે.

- નબળાઈના બહાના હેઠળ બીજી કોઈ મનની મેલી ભાવના તો પોસાતી નથી ને ?

- નબળાઈનો ગભરાટ ખોટો તો નથી ને ? અર્થાત્ માયા ન હોય, પણ ભ્રમ થયો હોય કે 'મારું શરીર નબળું છે.'

- જો નબળાઈનો અંદાજ હોય, તો પહેલેથી જ, ગર્ભસંભવના કાળમાં બ્રહ્મચર્યનું પાલન...

- નબળાઈનું કારણ અશાતાકર્મ છે, આ કર્મબંધનું કારણ કોઈને દુઃખ આપવું એ છે. પૂર્વભવોમાં કોઈકને દુઃખ આપેલું છે, એટલે આ ભવમાં શરીર નબળું પડેલું છે. પરંતુ હવે જો ગર્ભપાત કરાવશો, તો તો પંચેન્દ્રિય જીવને, પેટના બાળકને મોટું દુઃખ આપનારા બનશો, આનાથી તો અતિભયંકર પાપકર્મ બંધાવાનું... આવી ભૂલ તો ન જ

કરાય ને ?

જો નબળાઈ સહન નથી થતી, તો નબળાઈ કરતાં હજારગણું ભયંકર એવું તમારું ખુદનું જ ગર્ભમાં કપાઈ જવું શી રીતે સહન થશે ? અને તો પછી એવું દુઃખ લાવનાર મોટી ભૂલ - ગર્ભપાત તો ન જ કરાય ને ?

આટલી કોમન-સેન્સ તો તમારામાં હશે જ...

એના બદલે નબળાઈ સહન કરવાની તૈયારી રાખો, જેથી ભવિષ્યમાં તમારે ખુદ ગર્ભમાં કપાઈ મરવું ન પડે...

અને શક્ય છે કે તમે જીવદયાના પરિણામથી, પાપભીરુતાથી ગર્ભપાત અટકાવ્યો હશે, તો તમારું અશાતાકર્મ ઘટશે, શાતા પ્રચંડ બંધાશે, કદાચ તરત ઉદયમાં પણ આવશે અને અત્યારની નબળાઈ પણ દૂર થશે.

## (૭) શરમ (નં. ૨)

જેમના એક સંતાને દીક્ષા લીધેલી છે, એવા એક બહેનનો પ્રસંગ ! પાંચ સંતાનોને જન્મ આપ્યા બાદ ૪૫ આસપાસની ઉંમરે નવો ગર્ભ રહ્યો અને શરમના માર્યા ગર્ભપાત કરાવ્યો. (સંતાને તો એ પછી દીક્ષા લીધી. જો કે પરિવારમાં કોઈને પણ કશી ખબર જ ન'તી.)

આનો જવાબ મારી દૃષ્ટિએ તો શરમ નં.૧માં મેં આપી જ દીધો છે.

આ ઉપરાંત આવા બહેનો દેવકીને ખાસ યાદ કરે.

દેવકીના કુલ સાત પુત્રો થયા, છ તો જન્મતાં જ વિખૂટા પડ્યા, સાતમા કૃષ્ણ પણ વિખૂટા પડ્યા. વર્ષોના વર્ષો વીત્યા, મહાભારતનું યુદ્ધ પતી ગયું. કૃષ્ણ તો ક્યારના ય વાસુદેવ બની ગયા હતા. નેમિનાથ પાસે પેલા છ દીકરાઓએ દીક્ષા પણ લઈ લીધેલી, એ પછી બધો ભેદ ખૂલ્યો અને દેવકીને એક સંતાનને રમાડવાની ભાવના થઈ અને કૃષ્ણે અટ્ઠમ કરીને દેવકીને ગજસુકુમાલ નામના દીકરાની પ્રાપ્તિ કરાવી.

વિચાર તો કરો કે દેવકી કેટલી મોટી ઉંમરની થયા બાદ અરે દાદી અને વડદાદી પણ બની ગયા બાદ મમ્મી બન્યા છે. શાંબ-પ્રદ્યુમ્ન=પૌત્રોના જન્મ બાદ દેવકી ફરી માતા બની છે.

શરમ ક્યાં આવી એમને ?

આ આખી ઘટના વિસ્તારથી જાણી લેવી અને જ્યારે તમારા જીવનમાં કે તમારા સંપર્કમાં રહેલા કોઈના જીવનમાં મોટી ઉંમરમાં ગર્ભ રહેવાની ઘટના બને, ત્યારે એ શરમ દૂર કરવા માટે આ પ્રસંગનો કચકચાવીને ઉપયોગ કરવો, કશી ચિંતા કરવી નહિ અને એમાં ય બુદ્ધિરહિત, નેતૃત્વરહિત વર્તમાન પાપી સમાજની ચિંતા તો બિલકુલ ન કરવી. એ સમાજને એ ભાન પણ નથી કે એમણે તો આવી સ્ત્રીઓની ભરપૂર પ્રશંસા કરવી જોઈએ કે 'તમે ગર્ભપાત ન કરાવ્યો અને આ ઉંમરે પણ માતૃત્વ સ્વીકાર્યું.'

પણ આવી સદ્‌બુદ્ધિ સમાજને જે દિવસે આવશે, એ દિવસે સત્ યુગ જ હશે... અને એની શક્યતા અત્યારે તો છે જ નહિ.

## (૮) જાનનું જોખમ :

દર્શાવેલા ૧૩ કારણોમાં સૌથી મહત્ત્વનું કારણ આ કહી શકાય. આ એવું કારણ છે કે જેમાં સાધુને પૂછવામાં આવે ને, તો પણ એ 'શું જવાબ આપવો ?' એની મુંઝવણમાં મૂકાઈ જ જાય.

ડૉક્ટરે કહી દીધું કે, 'જો આમને બચાવવી હોય, તો સંતાનને ખતમ કરવું પડશે અને જો સંતાનને બચાવવું હોય, તો મા ગુમાવવી પડશે...'

હવે આમાં સાધુ પણ શું બોલે ?

વળી, આમાં 'ડૉક્ટરો ખોટે ખોટો ભય બતાવતા હોય છે' એવું પણ નથી. 'આમાં તેઓને વધારે પૈસા મળતા હોય છે, માટે તેઓ અસત્ય બોલે છે' એવું પણ નથી.

પ્રાયઃ ડૉક્ટરો આ બાબતમાં બેઈમાની નથી કરતા, હા ! તેઓનું

જ્ઞાન ઓછું હોઈ શકે છે, પણ આ બાબતમાં તેઓની કોઈ મલિન ભાવના લગભગ જોવામાં આવી નથી.

અને આમ પણ આ બાબતમાં એક ડૉક્ટરનો આવો અભિપ્રાય આપ્યા બાદ એ જ કોઈ માની લેતું નથી, એ તો બીજા-ત્રીજા અભિપ્રાય પણ લેવાતા જ હોય છે, એ બધાનો એક જ અભિપ્રાય આવે, પછી આ અત્યંત ગંભીર ચર્ચા ઉભી થાય છે કે 'કોને બચાવવા ? સંતાનને ? કે માને ?'

પ્રાયઃ તો પતિ-પરિવાર વગેરે સ્ત્રીને જ બચાવવાનો નિર્ણય લે છે. કારણ કે (૧) એ જતી રહેશે, તો સંતાનને મોટું કોણ કરશે ? સાચવશે કોણ ? બીજા લગ્ન કરવા પડે, નવી સ્ત્રી લાવવી પડે, એ બધું આસાન નથી...

(૨) આ સ્ત્રી હશે, તો આજે નહિ, તો ભવિષ્યમાં ફરી સંતાન પ્રાપ્તિ થશે.

(૩) જો પહેલા એકાદ સંતાન પણ થઈ જ ગયું હોય, તો હવે એની અપેક્ષા એટલી બધી ન જ રહે, જ્યારે સ્ત્રીની જરૂર તો પડવાની જ ને !

એટલે નિર્ણય લેવાય ગર્ભપાતનો !

આમાં ડૉક્ટરોનો અભિપ્રાય તો કાયમ માટે એક જ હોય છે, 'મા'ને બચાવો... અને પરિવારનો અભિપ્રાય પણ પ્રાયઃ એ જ હોય છે.

પ્રશ્ન : પણ બેમાંથી કોના મૃત્યુમાં વધારે પાપ ?

ઉત્તર : જ્યારે બેમાંથી એકેયને મારવાનો આશય જ નથી. બેમાંથી એક જ બચી શકે એમ છે, માટે એકને બચાવવામાં આવે છે, ત્યારે બીજાના મૃત્યુની અનુમોદના મનમાં ન હોવાથી ખરેખર જોઈએ તો કોઈપણ પાપ ન લાગે.

શાસ્ત્રોમાં જણાવ્યું છે કે સાધુ તો છ'કાયની રક્ષાનો જ ઉપદેશ આપે,

પણ જ્યારે ગૃહસ્થ એ માટે તૈયાર ન થાય, એટલે કે દીક્ષા લેવા તૈયાર ન થાય, ત્યારે સાધુ કહે કે 'ત્રસકાયને તો નહિ જ મારતા...'

આમાં પૃથ્વી આદિની હિંસાની સંમતિ આપવાનું પાપ સાધુને નથી લાગતું; કેમ કે સાધુએ તો તમામ પાપની ના જ પાડેલી, પણ જ્યારે શક્ય જ ન બન્યું, ત્યારે સાધુએ ત્રસહિંસા છોડવા પર ભાર મૂક્યો.

## (૯) 'પેટમાં છોકરી છે' :

આ બહુ જ પ્રસિદ્ધ કારણ છે અને માટે જ વર્ષોથી એના સમાધાનો ખુદ સરકાર અને સામાજિક સંસ્થાઓ પણ આપતી જ રહી છે.

'બેટી બચાવો' આંદોલન એના માટે જ કરવામાં આવ્યું.

'સોનોગ્રાફી' કરીને 'બાળક છે કે બાળકી' એ જાણવા ઉપર પ્રતિબંધ પણ આ માટે જ મૂકવામાં આવ્યો.

'દીકરી વહાલનો દરિયો...' વગેરે સામાજિક કાર્યક્રમો પણ આવા જ કોઈ ધ્યેયને લઈને ચાલુ થયા.

એ સ્ત્રીને ધારદાર પ્રેરણા કરવામાં આવે છે કે 'બહેન ! તારા પેટમાં બાળકી છે, માટે તું એને કપાવે છે, પણ એ કેમ ભૂલી જાય છે કે તું પણ એક વખત બાળકી જ હતી ને ? તો તારી મમ્મીએ તને મરાવી નાંખી હોત તો ? તો આજે તારી બાળકીને કપાવી નાંખવાનો વારો જ ન આવત... તારે !' કારણ કે તું જ હાજર ન હોત.

તું ખુદ એક સ્ત્રી થઈને સ્ત્રીની હત્યા શી રીતે કરી શકે ?

પ્રાયઃ નવી પેઢીની સ્ત્રીઓમાં આ વૃત્તિ લગભગ ઓછી હોય છે, તેઓ સ્ત્રીનું મહત્ત્વ સમજે છે અને માટે સ્ત્રી હોવાના કારણે મરાવી નાંખવાનું પાપ નથી કરતા.

પૂ. ગુરુદેવશ્રી કહેતા *'यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवताः ।'* જ્યાં સ્ત્રીની પૂજા થાય છે, ત્યાં દેવતાઓ રમે છે.

આનો અર્થ એ જ કે જ્યાં નારીની કતલ થાય છે, ત્યાં રાક્ષસો

નાચ કરે છે, દેવો નહિ.

પ્રશ્ન : 'છોકરી છે, માટે મારી નાંખો' એવું દર વખતે નથી હોતું. પરંતુ પહેલા ત્રણ દીકરીઓ હોય અને હવે ચોથી પણ દીકરી જ હોવાનું ખબર પડે, એટલે ગર્ભપાત કરાવવાનું બને છે. પહેલા તો ત્રણને જન્મ આપ્યો જ છે.

ઉત્તર : જાત સાથે શા માટે છેતરપિંડી કરો છો, તમે ! હું તમને પૂછું કે તમારે ત્રણ દીકરા હોત અને ચોથો પણ દીકરો જ થવાનો હોત, તો શું એવો વિચાર આવત કે 'ત્રણ તો છે જ, તો ચોથાને કપાવી નાંખીએ ?'

પ્રશ્ન : ત્રણ દીકરા પછી ચોથા તરીકે દીકરીની જ પ્રાપ્તિની ઈચ્છા હતી, પણ હવે એ ન થાય તો શું કરીએ ?

ઉત્તર : બરાબર છે, પણ એટલા માત્રથી ચોથા દીકરાને કપાવી નાંખવાનો તો નિર્ણય નથી જ કર્યો ને ?

એમ ત્રણ દીકરી પછી તમને ચોથા તરીકે દીકરાની જ ઈચ્છા હોય, એ મંજુર, પણ ધારો કે ચોથું સંતાન પણ દીકરી જ હોવાનું ખબર પડે, તો કપાવી નાંખવાનો નિર્ણય ન જ લેવો જોઈએ. ત્રણ દીકરા ઉપર ચોથા દીકરાની જેમ ત્રણ દીકરી ઉપર ચોથી દીકરી પણ અપનાવી લેવી જોઈએ.

પ્રશ્ન : આર્થિક મુશ્કેલી વગેરે કારણો હોય ને, તો તો ત્રણ દીકરા પરના ચોથા દીકરાને પણ કપાવવાનો નિર્ણય લેવાતો હોય છે. ઉલટું, ત્યાં કદાચ દીકરી આવી હોત, તો ન કપાવત... એટલે દીકરી પ્રત્યે દ્વેષ છે, એવું નથી.

ઉત્તર : જુઓ, આર્થિક મુશ્કેલી એટલે કે ગરીબાઈ એ વળી જુદો જ વિષય છે અને એની ચર્ચા આપણે પહેલા જ કરી ગયા છીએ... એટલે એ વાત ફરી કરવાનો મતલબ નથી.

ત્રણ દીકરી પછી દીકરો ગમે,

ત્રણ દીકરા પછી દીકરી ગમે...

એ તો સહજ છે, પણ દીકરી હોવાના કારણે કપાવી નાંખવાનો વિચાર કોઈપણ હિસાબે વ્યાજબી નથી.

ત્રણ દીકરી પછી દીકરો આવે, તો ગરીબાઈના કારણે કપાવી દેવાનો વિચાર જરાક પણ વ્યાજબી નથી જ. અમે એને યોગ્ય નથી જ ગણતા.

ઉપદેશમાળામાં પ્રસંગ આવે છે કે 'રાજાને ૧૦૦૦ દીકરીઓ હતી, પણ એકપણ દીકરો ન હતો... છેક છેલ્લે અંગવીર્ય નામનો દીકરો પેટમાં આવ્યો અને રાજાનું મરણ થયું.'

શું રાજાને દીકરાની ઈચ્છા નહિ હોય ? એને તો પોતાના વિશાળ રાજ્યના વારસદાર તરીકે દીકરાની અપેક્ષા હોય જ. અરે, એમ ચોક્કસ કહી શકાય કે 'રાજાએ દરેક સંતાનના જન્મ વખતે દીકરાની અપેક્ષા રાખી હશે, ભગવાનને પ્રાર્થના કરી હશે... અધીરાઈ પણ દર્શાવી હશે...' પણ છતાં એની ઈચ્છા પૂરી ન થઈ અને તો પણ એકપણ દીકરીનો ગર્ભપાત કરાવવાનો વિચાર પણ એણે નથી કર્યો.

આવા દૃષ્ટાંતો નજર સામે રાખીને પ્રત્યેક સ્ત્રીએ દૃઢ બનવું જોઈએ કે 'દીકરો કે દીકરી... કોઈપણ હોય, મારે ગર્ભપાત કરાવવો નથી.'

વર્તમાનમાં પણ જોવા મળે છે કે દીકરીને મા-બાપ પ્રત્યે વિશેષ લાગણી હોય છે. સ્ત્રી સહજ પણ એમનો સ્વભાવ લાગણીનો જ હોય છે. એટલે તેઓ લગ્ન પછી પણ મા-બાપની કાળજી લેવાનું ભૂલતા નથી, ચૂકતા નથી.

જ્યારે દીકરાની દુનિયા માટે આજનો કાળ કેવો ભયજનક છે, એ તો બધા જ જાણે છે.

કેવું આશ્ચર્ય છે, તે જુઓ.

છોકરાને મા-બાપ સાથે ન બને, ઓછું બને... સાસુ-સસરા સાથે સારું બને...

છોકરીને સાસુ-સસરા સાથે ન બને, ઓછું બને... મા-બાપ સાથે સારું બને.

આ પરિસ્થિતિનો લાભ લઈને મા-બાપે પોતાના ભાવિ માટે પણ છોકરીને જીવતી જ રાખવી.

## (૧૦) બળજબરી :

માની ગર્ભપાત કરાવવાની ઈચ્છા બિલકુલ ન હોય, છતાં પણ પરિવારની કોઈક વ્યક્તિ ગર્ભપાત કરાવવા માટે બળજબરી કરે, એ માટેના કારણો ઘણીવાર તો હાસ્યાસ્પદ હોય.

- દેરાણીને કહી દેવામાં આવ્યું કે 'જેઠાણીને પણ ગર્ભ છે અને તારે પણ છે. મુંબઈના નાના ઘરમાં એકસાથે બેયને સાચવવા - મોટા કરવા બધી રીતે અઘરું છે... એટલે આ બાબતે જેઠાણીનો વારો, પછી તારો વારો... ગર્ભપાત કરાવી દો.'

કેવી વિચિત્ર વાત ! ક્રિકેટ મેચ વગેરેમાં એક-બીજાનો વારો આવે, એ તો સમજ્યા. પણ એમાં તો માત્ર મેચ ન રમવા જેટલી જ સજા મળે છે. જ્યારે અહીં તો જેનો વારો નહિ, એને સીધી મોતની સજા...

પણ, આવા પાગલો પણ આ સંસારમાં જીવે છે.

- પતિ કહે 'આર્થિક તંગી છે, માટે ગર્ભપાત...'

- પતિ કહે 'હજી ક્યાં જલ્દી છે, પહેલા જલસા, પછી જોઈશું - માટે...'

જે તેર કારણો બતાવ્યા, એમાંના કે એ સિવાયના પણ કારણો ઉભા કરીને મા ને ગર્ભપાત માટે સમજાવવામાં આવે. ઘણા બધા લોકો એકની એક વાત કરે, એટલે અણસમજુ મા ગેરસમજ પામીને ગર્ભપાતનો નિર્ણય લે. ક્યાંક તો રીતસર એને ડરાવવામાં આવે, ધમકાવવામાં આવે... ઘરમાંથી કાઢી મૂકવા સુધીની પણ ધમકીઓ હોય, તલાકની કે આગળ વધીને સળગાવી નાંખવા સુધીની પણ ધમકીઓ કોઈક

પરમાધામીના અવતારો આપી દેતા હોય છે.

અને આ બધા સામે અબળા ગણાતી સ્ત્રીનું બળ કેટલું ?

આનું સમાધાન તો શું આપવું ?

સ્ત્રીનું પ્રચંડ સત્ત્વ એ જ આનું સમાધાન છે.

- ઘનઘોર જંગલમાં સીતા બે બાળકોને જન્મ આપે છે ને, (લવ-કુશ)

- બે હાથ કપાઈ ગયેલા હોવા છતાં, જંગલમાં એકલી પડેલી કલાવતી બાળકને જન્મ આપે છે ને...

- ધિક્કાર-તિરસ્કાર પામેલી, જંગલ નિવાસી અંજનાસુંદરી હનુમાનને જન્મ આપે છે ને...

આવા ઈતિહાસને નજર સામે લાવી ને, બહેન ! દૃઢ સંકલ્પ કર, પ્રતિજ્ઞા કર કે 'કોઈ મને ગળું કાપી નાંખવાની ધમકી આપે કે ગમે તે કરે, હું મારા પેટના બાળકનો ગર્ભપાત કરાવવાનો નિર્ણય નહિ જ લઉં. મારે મારા બાળકને જન્મ આપવા માટે જે સહન કરવું પડે, એ અવશ્ય કરીશ...'

અને જુઓ તો ખરા...

- સખત તરસ લાગી હોવા છતાં પણ નૂતન મુનિએ પાણીના જીવોની રક્ષા માટે અનશન સ્વીકારી લીધું, પણ પાણી ન પીધું... અને ગયા દેવલોકમાં... પરંપરાએ મોક્ષમાં...

- મેઘરથ રાજાએ કબુતરને બચાવવા માટે પોતાના શરીરનું માંસ કાપી કાપીને કબુતરના વજન જેટલું માંસ આપવા માંડ્યુ અને આવા અધ્યવસાયના પ્રભાવે એ બન્યા શાંતિનાથ પરમાત્મા !

- ત્રિશુલ ઉપર આકાશમાં અદ્ધર લટકતા શરીરની દશામાં, ભયંકર પીડા વચ્ચે પણ... 'અરેરે... મારું લોહી નદીના પાણીમાં પડે છે... હું મરતા મરતા ય બીજા જીવોને મારતો જાઉં છું ? કેવો ઘોર પાપી !'

આવી પશ્ચાત્તાપની ધારામાં ચડેલા અર્ણિકાપુત્ર આચાર્ય ત્યાં ને ત્યાં કેવલજ્ઞાન પામીને મોક્ષમાં ગયા.

- પરીક્ષા કરવા માટે દેવે હાથીનું રૂપ લઈને રાજમાર્ગ ઉપર ગાંડા બનીને દોટ મૂકી, લોકો ચીસાચીસ કરતા ભાગ્યા, પણ રસ્તે ચાલતો સાધુ એક પગલું પણ ભાગ્યો નહિ...' જો હું ભાગીશ, તો નીચે કોઈક જીવ મરી જશે... એવો એ મુનિનો પરિણામ હતો.

દેવ નજીક આવ્યો, મુનિને સૂંઢમાં પકડીને આકાશમાં ઉછાળ્યા, પરંતુ આકાશમાંથી ખુલ્લી ધરતી પર પડી રહેલા મુનિને પોતાના હાથ-પગ ભાંગી જવાની કે મોત આવવાની તસુભાર પણ ચિંતા નથી. ચિંતા માત્ર એટલી જ છે કે 'મારું શરીર ધરતી પર અથડાશે ત્યારે ત્યાં જો કોઈ જીવ હશે, તો એ બિચારા મારા નિમિત્તે મરી જશે...' અને એટલે જ નીચે જોતા જાય છે અને હાથમાં ઓઘો તૈયાર રાખે છે નીચે પૂંજવા માટે !

દેવ તો આકાશમાંથી નીચે પડી રહેલા મુનિનો આવો જીવદયાનો પરિણામ જોઈને આશ્ચર્ય પામ્યા. લીલા સંકેલી લીધી. સાધુની અનુમોદના કરીને પાછા ફર્યા.

બહેન !

આવા તો અનેકાનેક દૃષ્ટાંતો મળશે.

એ ઉત્તમ આત્માઓએ જીવોને બચાવવા માટે જાનના જોખમ ખેડ્યા. પ્રાણની બાજી લગાવી દીધી અને કુદરતે એમને સુંદર ફળ આપ્યું.

તમારે તો તમારા પેટના બાળક પર જીવદયા કરવાની છે. એક પંચેન્દ્રિયને અને એમાં પણ એક મનુષ્યને બચાવવાનો છે. આગળ વાત કરું તો એક શ્રાવકને, એક સાધુને કે એક આચાર્યને જીવનદાન આપવાનું છે. કારણ કે જન્મ પામેલો એ બાળક આચાર્ય પણ બની શકે છે ને ?

એટલે બહેન !

ઝાંસીની રાણી બનીને લડજો એ બળજબરી કરનારાઓ સામે...

સામે તમે પણ જોરદાર ધમકીઓ આપજો એ બળજબરી કરનારાઓ સામે...

પણ એ હત્યારાઓની, ખૂનીઓની બળજબરીનો સ્વીકાર કરીને, નબળા બનીને, મિથ્યા આંસુ વહાવીને તમારા બાળકને કાપી નાંખવાનો નિર્ણય હરગીજ ન લેતા.

તમારે ભવિષ્યમાં લાખ વાર ગર્ભમાં કપાઈ મરવું ન પડે, એ તમારો સ્વાર્થ પણ ધ્યાનમાં લેજો.

## (૧૧) સૌંદર્ય બગાડ :

મા બન્યા પછી શરીરની સુંદરતા ઘટી જાય છે. એવી બધાની માન્યતા પણ છે અને એ માન્યતા કોઈક અનુભવના આધારે જ ઘડાઈ હશે. પણ આ કારણમાં, દલીલમાં કોઈ દમ નથી.

સાંભળ્યું છે કે જેના માટે અજાયબી રૂપ તાજમહેલની રચના થઈ છે. એ બેગમ મુમતાઝને બાર સંતાન હતા.

આજે પણ રાજસ્થાની જૂના બહેનોનો ઈતિહાસ ચકાસશો તો પાંચ-સાત-દસ સંતાનોની મા બનેલા તેઓ કંઈ ત્યારે કદરૂપા થઈ ગયેલા અને માટે પતિને અપ્રિય બની ગયેલા, એવું કશું જોવામાં આવતું નથી.

અરે, ઘણી જગ્યાએ તો 'મા બન્યા બાદ સૌંદર્ય વધારે ખીલે છે...' એવું પણ સાંભળવા મળ્યું છે.

એવું પણ બને કે 'સંતાનોની માતા બનેલી સ્ત્રી પતિને વધારે પ્રિય લાગવા લાગે. કારણ કે એણે પતિને સંતાનોની ભેટ આપી છે ને.' અને એટલે જ સૌંદર્ય કદાચ ઘટ્યું હોય ને, તો પણ પતિને એ સૌંદર્ય વધેલું જ દેખાશે.

વળી, સૌંદર્ય બગડવાનો મતલબ શરીર જરાક સ્થૂલ બને... ઈત્યાદિ. પણ કોઢ થઈ જાય કે ગોરાના કાળા થઈ જાય કે આંખે બાંડુ

જોનારા બની જાય કે લંગડાતા ચાલતા થઈ જાય... આવું બધું કશું નથી બનતું.

અને માની લો કે સૌંદર્ય આટલું બગડે છે તો પણ શું એટલા માટે કોઈક મનુષ્યની, સગા દીકરાની કતલ હોતી હશે ? આ તે કેવો મોટો ઘોર અન્યાય !

પોતાનું શરીર અસુંદર=સ્થૂલ થતું અટકાવવા માટે પોતાના બાળકને મારી નાંખનારને તો શું બિરૂદ આપવું ? એ તમે જ કહો.

જેઓ કર્મ માને છે, પુણ્ય-પાપ માને છે, તેઓ ચોક્કસ સમજી લે કે જે સૌંદર્ય માટે તમે આ ઘોર પાપ કર્યું હશે, એ સૌંદર્ય તમને ફરી ક્યારેય નહિ મળે.

અચાનક મોઢા પર એસિડનો છંટકાવ થશે...

અચાનક કોઢ થશે, પરૂ ટપકશે...

અચાનક આખા શરીરમાં મોટા મોટા ફોલ્લા થશે ?...

અચાનક પૅરેલિસિસ થઈ જવાથી ડોક વાંકી વળી જશે...

જેના ઉપર તમને અભિમાન હતું, એ જ કોઈ પણ નિમિત્તને પામીને ખતમ થઈ જશે.

માટે આવા તુચ્છ કારણસર ગર્ભપાત ન કરાવતા.

## (૧૨) ક્રોધ :

પતિ, સાસુ વગેરે ઉપર કોઈ કારણસર આવ્યો ગુસ્સો અને એટલે એમને ત્રાસ આપવા માટે, એમની સામે બદલો લેવાની ભાવનાથી સ્ત્રીએ એમની સંતાન ઈચ્છાને પૂરી ન થવા દેવા માટે ગર્ભપાત કરાવ્યો.

આ વિચિત્ર કારણ છે, ભાગ્યે જ બને, પણ સંસારમાં અશક્ય કશું નથી. ગુજરાતીમાં કહેવત છે કે 'પાડાના વાંકે પખાલીને ડામ ન દેવાય.' એનો સાર એ કે ગુનો બીજાનો અને શિક્ષા બીજાને,... એ તો ન જ ચાલે.

તમને પતિ-સાસુ પર ગુસ્સો આવ્યો, તો એમના કોઈક ગુનાની સજા બિચારા આને શું કામ કરવી ?

'ગુનો બાળકનો નથી, તો મારે એને સજા નથી કરવી.' એટલી સામાન્ય સદ્બુદ્ધિ તો તમારી પાસે હોવી જ જોઈએ ને...

પેલા આતંકવાદીઓ ભારત ઉપરના ગુસ્સાના કારણે કાશ્મીરના નિર્દોષ પ્રજાજનોને મારી નાંખે છે, તો શું તમને એ સારું લાગે છે ?

તો તમે એવા આતંકવાદી જેવા નહિ જ બનતા...

**(૧૩) બળાત્કાર :**

બહેન ! કોઈએ તારા પર બળાત્કાર કર્યો. એમાં તારો કોઈ જ દોષ નથી, તું નિર્દોષ છે... એ મંજુર ! પણ છતાં થોડોક અપયશ વહોરીને પણ બાળકને જન્મ આપ.

પ્રશ્ન : પણ આમાં એ બહેનનો કોઈ દોષ નથી, છતાં એ શું કામ સજા ભોગવે ?

ઉત્તર : આ સ્ત્રી નિર્દોષ છે, એમ પેલો બાળક પણ નિર્દોષ જ છે ને ?

આ સ્ત્રી નિર્દોષ હોવા છતાં શા માટે અપયશ સહન કરે, એમ તમે પૂછો છો તો સામે એ જ પ્રશ્ન આવે છે કે આ બાળક પણ નિર્દોષ જ હોવા છતાં શા માટે એ મોતની સજા સહન કરે ?

અરે, સ્ત્રીની સજા તો નાની છે, અપયશની !

બાળકને તો કેટલી મોટી સજા ? સીધી મોતની !

ભૂલ તેં કરી જ નથી... પણ હવે જો તું નિર્દોષ જ છે, તો બાળકની કતલ કરાવીને દોષિત શા માટે બને છે ? નિર્દોષ જ બની રહે ને ! નિર્દોષતા સાથે બળાત્કાર સહ્યો, અનિચ્છાએ સહ્યો, તો નિર્દોષતા સાથે જ અપયશ પણ સહન કરી લે, બાળકના હિતને માટે !

## (૧૪) બાળક રોગી જન્મે, મંદબુદ્ધિ જન્મે :

એક જૈન પરિવારે વિચિત્ર રોગવાળા સંતાનને જન્મ આપ્યો, આઠ-દસ વર્ષમાં એનું મોત થવાની શક્યતા હતી. પરિવારે ભારતભરના તમામ તીર્થોમાં એ સંતાનને યાત્રા કરાવી, પ્રભુની પૂજા કરાવી અને જ્યારે મારા પૂ. ગુરુદેવશ્રી પાસે આવ્યા, ત્યારે કહે કે,

'મ.સા. ! પહેલા તો ડૉક્ટરની અને લોકોની સૂચનાથી એનો ગર્ભપાત જ કરાવવાના હતા. પછી સદ્‌બુદ્ધિ જાગી કે 'આવનાર આત્મા કોઈક પુણ્યોદય લઈને જ આવ્યો હશે. જેથી એને જૈનકુળમાં આવવા મળ્યું છે. પણ એ પુણ્ય ઓછું હશે, એટલે એ રોગી, અલ્પ આયુષ્યવાળો જન્મ્યો હશે... તો હવે એના મા-બાપ તરીકે અમારી ફરજ છે કે એને આવતા ભવ માટે મોટું પુણ્યનું ભાથું બંધાવી આપીએ, જેથી હવે એને જૈનકુળ+નીરોગિતા+મોટું આયુષ્ય વગેરે બધું જ મળે.'

એટલે એને જન્મ આપ્યો, ભારતના મહાન તીર્થોની યાત્રા-પૂજા કરાવી... મોટા મોટા આચાર્ય ભગવંતોના દર્શન-વંદન-આશિષ પ્રાપ્ત કરાવ્યા. હવે એ ભલે અમારા ઘરેથી વિદાય લે, પણ આવતા ભવમાં એને કશું ઓછું નહિ મળે.

મ.સા. ! અમે બરાબર કર્યું ને ?'

પૂ. ગુરુદેવશ્રી ગદ્‌ગદ્ બની ગયા. એમની ભાવના સાંભળીને !

● સુરત, કૈલાસનગરમાં શંખેશ્વર કોમ્પ્લેક્ષમાં મુગટ ચડાવવાનો લાભ ત્યાં સાગર કે મંથન કે મુદ્રા એપા.માં રહેતા એક પરિવારે લીધેલો. (મુગટનો સંપૂર્ણ ખર્ચ એ પરિવારનો છે.) એ નિમિત્તે મેં એમને ત્યાં પગલા કર્યા અને માંગલિક પ્રવચન આપતો હતો, ત્યારે એક બાળકીનો રડવાનો અવાજ આવ્યો, પ્રવચનમાં વિઘ્ન ટાળવા માટે એ બાળકીને ઉંચકીને અંદર લઈ ગયા... પ્રવચન બાદ છેલ્લે એની મમ્મી એને લઈ આવ્યા. 'મ.સા. ! આને વાસક્ષેપ કરી આપજો ને'

'મેં જોયું બાળકીનું શરીર તો નાનું હતું, મા ઉંચકીને ફરે, એટલું ! પણ મુખાકૃતિ ઉપરથી ઉંમર એટલી નાની ન જણાઈ... અને એ મંદબુદ્ધિ જેવી લાગી...'

મારા મનના ભાવો પારખી લઈને એ મા બોલી, 'મ.સા. ! આની ઉંમર નવ વર્ષ છે. મંદબુદ્ધિ તો શું, પણ મન છે જ નહિ, એમ કહો તો ચાલે. એને લકવો પણ છે. એ કોઈને જાણતી નથી; ઓળખતી નથી, મોઢા ઉપર હાસ્ય પણ નથી... મંદબુદ્ધિવાળાને એ બધું તો હોય.'

'તો તમે નવ વર્ષ સુધી એને કેવી રીતે સંભાળી ?'

'ભોગ આપીને... અને માત્ર મેં નહિ, આખા પરિવારે ભોગ આપીને સંભાળી છે. મારી સાસુ, દિયર, જેઠ, દેરાણી, જેઠાણી તમામે તમામ સભ્યોએ સમયથી માંડીને બધો જ ભોગ આપ્યો છે.'

ક્યારેક વેકેશનમાં બહાર ફરવા જવાનું થાય, ત્યારે પહેલા હું તો કહેતી કે, 'તમે જાઓ, હું આને સંભાળીશ...' પણ બધાનો એક જ અવાજ હતો કે 'ના, બધા સાથે જ જશું અને દીકરીને પણ સાથે લઈને જ જશું. એની અનુકૂળતા પ્રમાણે જ બધો પ્રોગ્રામ ગોઠવશું...'

અને એ રીતે આ નવ વર્ષ વીત્યા. આ કેટલું જીવશે, એ ખબર નથી... પણ એ અમને ભારરૂપ નથી લાગી, નહિ લાગે...

એ આખો પરિવાર ત્યારે ભાવુક બની ગયેલો હતો. ત્યારે તો ઉતાવળ હોવાથી મેં એમને બપોરે બાળકી સાથે ઉપાશ્રયે બોલાવ્યા અને બપોરે વિસ્તારથી બધી વાતો સાંભળી.

'આ મરી જાય, તો છૂટીએ, એવો વિચાર કોઈને નથી આવતો...' મેં ગભરાટ સાથે પૂછેલું.

નિખાલસતા ભરેલા શબ્દોમાં જવાબ મળેલો 'ક્યારેય નહિ...'

અને બરાબર ત્રણેક મહિના બાદ બારડોલી ચાતુર્માસ દરમ્યાન સમાચાર મળેલા કે 'એ બહેનની દીકરી સ્વર્ગવાસી બની...'

- મુંબઈ નિવાસી મનિષભાઈ ચમનભાઈને ત્રીજી દીકરી થઈ. હાર્ટનો પ્રોબ્લેમ ! એના માટે ક્રમશઃ ઑપરેશનો કરાવ્યા, પુષ્કળ પ્રયત્નો કર્યા... દીકરી ન બચી શકી... પણ એ પરિવારે પહેલા બે દીકરી હોવા છતાં ત્રીજી દીકરીને પેટમાં કપાવી નાંખવાનો તો વિચાર પણ નથી કર્યો...

આવા તો સેંકડો પરિવારો હશે... જેઓ આ ધરતીના દેવ છે, તો સામે હજારો પરિવારોએ દાનવના, રાક્ષસના, દૈત્યના કાર્યો પણ ઓછા નથી કર્યા...

તમારે શું બનવું છે ? એ તો તમે જ નક્કી કરો. બાકી પાપ કરવા માટેના બહાનાઓ તો ઢગલાબંધ મળવાના. પુણ્ય કરવા માટેના કારણો આપણે શોધવા જ પડવાના... ઉભા કરવા પડવાના...

**(૧૫) માતાને રોગો થવાની સંભાવના :**

શું જવાબ આપવો ? ઘણું બધું કહી જ દીધું છે. તમારા રોગની માત્ર શક્યતાને નજર સામે લાવીને, બિચારા બાળકને યમરાજનો મહેમાન બનાવી દેવો, એ ક્યાંનો ન્યાય ?

**(૧૬) માતાના રોગોના કારણે બાળકને રોગોની સંભાવના :**

કશું વધારે કહેવાની જરૂર નથી.

એક વાત સમજી રાખો...

ડૉક્ટરો કોઈ ભગવાન નથી. કર્મોની-ધર્મની દુનિયા, આ દુનિયાના તમામ સ્વરૂપને બદલી નાખવાની તાકાત ધરાવે છે.

જીવદયાના, પાપભીરુતાના પવિત્ર ભાવ સાથે ગર્ભપાત ન કરાવવા રૂપ કરેલો ધર્મ ડૉક્ટરોની વાતોને ખોટી પાડશે, સાયન્સના ગણિતોને જૂઠા સાબિત કરશે...

અને આવું કશું ન થાય, તો પણ તમારો સાત્ત્વિક નિર્ણય તમારા આત્માની ઉન્નતિમાં અવશ્ય કારણ બનશે જ.

આમ, સામાન્યથી ગર્ભપાતના ૧૬ કારણોના મારા ક્ષયોપશમ મુજબ મેં સમાધાન આપ્યા છે.

બાકી તો સીધી વાત એ જ છે કે દરેકે દરેક વ્યક્તિ એક પ્રતિજ્ઞા જ લઈ લે કે 'હું ગર્ભપાત કરીશ નહિ, કરાવીશ નહિ... કોઈને પણ એના પાપની સંમતિ પણ નહિ આપું... સલાહ પણ નહિ આપું...'

આવો એક જ દૃઢ સંકલ્પ, ભીષ્મના જેવી પ્રતિજ્ઞાપાલન માટેની મક્કમતા, જીવદયાનો કોમળ પરિણામ, ગમે તેવી પરિસ્થિતિ સામે લડી લેવાની પૂરેપૂરી તૈયારી...

આ બધું હશે ને, તો માત્ર જૈનોમાંથી જ નહિ, આખી દુનિયામાંથી ગર્ભપાતના પાપનો જ વિનાશ થઈ જશે.

પ્રભુ સૌને સદ્બુદ્ધિ આપે,

પ્રભુ સૌને સત્ ક્રિયા આપે...

બસ, આટલી જ પ્રભુને નાનકડી પ્રાર્થના.

★ ★ ★

3

# ગર્ભપાત કેટલું મોટું પાપ છે ?

મારા પૂ.પાદ ગુરુદેવશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.ના મુખે એમ સાંભળેલું કે 'જે સ્ત્રી ગર્ભપાત કરાવે, એને ૧૮૦ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આવે...' અલબત્ત તેઓ આટલું પ્રાયશ્ચિત્ત આપતા ન હતા. કારણ કે કરનારાઓની શક્તિ જ નથી. પરંતુ તેઓ સખત પ્રાયશ્ચિત્ત આપવાના હિમાયતી હતા. એ તો પાકી વાત.

'મૂંગી ચીસ' નામની એ વખતે એક C.D. બહાર પડી હતી. જેમાં એ ગર્ભનો જીવ કેવી ભયંકર રિબામણ સાથે મરે છે, એ દર્શાવવામાં આવેલું એ બિચારો ચીસ પાડી શકતો નથી; કેમ કે એની અવસ્થા જ એવી છે, એટલે જ આ C.D.નું નામ 'મૂંગી ચીસ' રાખવામાં આવેલું છે.

પૂ. ગુરુદેવશ્રીના મુખે જે સાંભળેલું, એ પ્રમાણે દર્શાવું તો

(૧) કાં તો જલદ એસિડ જેવી ગોળીઓ દ્વારા ગર્ભને ખતમ કરવામાં આવે છે.

(૨) અથવા પછી મશીનના ઉપયોગ દ્વારા ગર્ભને ખતમ કરવામાં આવે છે.

જેમ કોઈકના ઉપર ગરમા ગરમ પાણી પડે કે તેલ પડે તો એના શરીરની ઉપરની ચામડી બળી જાય. લોચો વળી જાય અને હાથમાં આસાનીથી આવી જાય. બાફેલા કેળા વગેરેની છાલ એ કેળામાંથી કેટલી આસાનીથી દેખાય ?

હવે એ જ રીતે વારંવાર પાણી-તેલ-એસિડ એ શરીર પર નાંખવામાં

આવે, તો શું હાલત થવાની ? એ જ ને કે એ શરીર સંપૂર્ણપણે ગળી જવાનું...

એસિડ જેવી ગોળીઓ ગર્ભ ઉપર આવી જ અસર કરે છે.

અરે, નવ મહિના બાદ જન્મેલો બાળક કેટલો બધો કોમળ હોય છે, એ બધા જ જુએ છે, જાણે છે. તો જે બાળક માત્ર ત્રણેક મહિનાનો છે, ગર્ભમાં છે.. એનું શરીર તો કેટલું બધું કોમળ હોય ને ? એ બિચારા ઉપર એસિડ ઢોળાય, તો એની હાલત શું ? એ એસિડ વારંવાર ઢોળાય, તો એની હાલત શું ? ધીરે ધીરે એ ઓગળી જાય, મળદ્વારથી બહાર નીકળી જાય... માને હાશ થાય. પણ એ બાળકની તીવ્રતમ વેદનાનો એ માતાને અંદાજ પણ ક્યાં છે ?

ગોળી લેવા તૈયાર થતી કોઈપણ 'મા'ને સૌ પ્રથમ એક પ્રેરણા કરું છું કે

(૧) તમે એકવાર આ **C.D.** જોઈ લેજો.

(૨) સાચું બોલનાર ડૉક્ટરને કે જાણકારને પૂછજો કે 'આ ગોળી લઈએ, તો અંદર શું પ્રક્રિયા થાય છે ? એટલે કે ગોળી દ્વારા આખો ગર્ભ ગળી જાય છે, પણ એ કેવી રીતે ગળે છે ? એ મને બતાવો.'

કદાચ અન્ય માધ્યમો દ્વારા પણ આ જાણકારી તમે મેળવી શકશો અને એ મેળવી જ લેજો. બરાબર જાણી લેજો. મને પાકો વિશ્વાસ છે કે **C.D.** જોયા બાદ, આ બધું જાણ્યા બાદ તમે ચોક્કસ તમારો નિર્ણય બદલી જ નાંખશો.

(૩) આમ છતાં પણ ગોળી લેવાની ભાવના રહે, તો માત્ર એક પ્રયોગ કરી લેજો. જે તેલમાં પૂરી તળી હોય, એ ગરમાગરમ તેલ જિનપૂજા કરવાની એક વાટકી જેટલું ભરીને તમારા પગની ચામડી ઉપર કે હાથની ચામડી ઉપર ઢોળી દેજો... ગભરાયા વિના ઢોળી દેજો... આમ તો માથા ઉપર કે મોઢા ઉપર જ ઢોળવાનું કહી દેત, પરંતુ તમારા જેટલો નિષ્ઠુર, ક્રુર તો હું ન બની શકું. તમે જેમ તમારા સંતાનને એસિડથી

સળગાવીને, ખતમ કરીને એની જિંદગી બરબાદ કરવા તૈયાર થયા છો, તેમ હું તમારી જિંદગી બરબાદ કરવા હરગિજ તૈયાર નથી. કારણ કે તમે તો મારા સગા બહેનના સ્થાને છો.

જો કે એમ તો પેલો ગર્ભ પણ તમારા સગા સંતાનના સ્થાને છે. એટલે તમે પણ એની જિંદગી બરબાદ નહિ જ કરી શકો. પણ છતાં આજે માતા ડાકણ બનવા તૈયાર થઈ ગઈ છે, પણ આ ભાઈ તમારા માટે તમને મારનારો રાક્ષસ બનવા તૈયાર નથી. એટલે જ પેલું ધગધગતું તેલ તમારા માથા ઉપર કે મોઢા ઉપર નાંખવાનું નથી કહેતો, પણ હથેળી ઉપર કે પગ ઉપર નાંખવાનું કહું છું અને એ પણ તમારી આંખ ઉઘાડવા માટે, તમને સત્યનો પરિચય કરાવવા માટે...

આ અનુભવ કરી લીધા બાદ વિચારજો 'તમે તમારા બાળકના શરીર ઉપર આખા શરીર ઉપર આ જ રીતે ગોળીરૂપ એસિડ નાંખવાના છો. એ પણ વારંવાર... તો એનું શું થશે ?' એ પછી તમારે નિર્ણય કરવાનો છે. આમ પણ તમને રોકવાની તાકાત બીજા કોઈની નથી. સિવાય કે તમને જ સદ્‌બુદ્ધિ જાગે.

અરે, બહેન ! કામકાજ કરતા ક્યારેક ગરમાગરમ તેલનું એક ટીપું પણ હથેળી પર પડ્યું હશે ને, તો તમે કદાચ ચીસ પાડી હશે, તમે દવા લગાડવા પહોંચી ગયા હશો, તો પૂજાની વાટકી જેટલા ધગધગતા તેલનો અનુભવ તો તમારી શું હાલત કરશે, એ તમે જ વિચારી લેજો...

હવે મશીનની વાત...

પૂ. ગુરુદેવશ્રી પાસે સાંભળેલું કે 'ગર્ભ સુધી મશીનનો પ્રવેશ કરવામાં આવે, પછી મશીન ચાલુ કરવામાં આવે, મશીન ઉપર રહેલ જે તીક્ષ્ણ ધાર હોય, એ ફરવા લાગે અને ઉંધા માથે લટકેલા બાળકનું માથું ધીમે ધીમે ચૂર્ણ રૂપ થવા માંડે, એટલે કે એ મશીન માથા ઉપર ફરતું જાય અને માથાનો ભાગ એકદમ બારીક ચૂર્ણ રૂપ બનીને મશીન દ્વારા જ બહાર પડતો જાય... એ રીતે આખું ને આખું મસ્તક ચૂરેચૂરો

થઈને બહાર નીકળી જાય, એ પછી બાકીના તમામ અવયવો પણ આ જ પદ્ધતિથી બહાર પડી જાય, ગર્ભ સંપૂર્ણ ખતમ થાય અને માતાને પરમ શાંતિ (!) થાય.'

તમે મિક્ષ્ચર તો જોયું જ હશે ને ? અંદર ટોપરું નાંખો, મિક્ષ્ચર ચાલુ કરો અને ટોપરાનો ભૂક્કો થાય છે ને ? એમ જીરૂં વગેરેનો પણ ભૂક્કો થાય છે ને ? એ મિક્ષ્ચરમાં થનારા ભૂક્કા કરતાં તો ઘણો જ પાતળો, બારીક ભૂક્કો આ મશીન દ્વારા આખા શરીરનો થાય અને બાળક મરે.

મશીન દ્વારા ગર્ભપાતની ભાવના (!) વાળાને પાછી એક પ્રેરણા...

(૧) પેલી **C.D.** જોઈ લેજો.

(૨) સત્યવક્તા ડૉક્ટર વગેરે પાસેથી આની હકીકત જાણી લેજો.

(૩) એક પ્રયોગ કરજો. છરી લઈને હાથની કે પગની ચામડી કાપી નાંખજો, શક્તિ વધારીને માંસનો નાનકડો ટુકડો કાપી નાંખજો, સત્ત્વ કેળવીને એક સોંય લઈને હાથ ઉપર કે પગ ઉપર બસો-પાંચસો વાર જોર જોરથી ઘોંચી દેજો...

જો એમ લાગે કે 'આમાં કોઈ વાંધો નથી, આ તો મજા આવે છે...' તો તમે આઝાદ !

પણ જો ચીસ પડે, જો વેદના ઉપડે, જો આવું કરવાની હિંમત જ ન થાય અરે ! આ વાંચતી વખતે પણ ધ્રુજારી છૂટી જાય. 'મ.સા.ને લખવાનું ભાન નથી. આવી ભાષામાં લખાતું હશે.' એવું ચિંતન ચાલુ થઈ જાય અને એ દ્વારા જાતને નિર્દોષ સાબિત કરવાનું મન થાય... તો શાંતિથી વિચારજો કે 'પેલા ગર્ભની તો શી હાલત થતી હશે ?'

અને તો પછી ચૂપચાપ, મક્કમતા સાથે ગર્ભપાતનો નિર્ણય માંડી વાળજો.

મેં આ બે વાત સાંભળ્યાને પંદરેક વર્ષ થઈ ગયા, આધુનિક વિજ્ઞાને

પેલા ગર્ભને પીડા ન થાય, એ રીતે એને મારી નાંખવા માટેના ઘણા નવા ઉપાયો પણ કરૂણાભાવથી (!) પ્રેરાઈને શોધ્યા જ હશે... પણ મોત એ તો મોત જ છે, મોતની પૂર્વભૂમિકામાં પીડા થવામાં કદાચ તફાવત ચોક્કસ પડે, પણ જેમ... તમને કોઈ કહે કે 'તમને બેભાન કરી દઈને, એ જ દશામાં ઝેરનું ઈન્જેક્શન આપીને મારી નાંખીએ... તો તમે તૈયાર છો ? તમને ખબર પણ નહિ પડે.' તો ય તમે ના જ પાડશો ને ? કેમ કે તમારે જીવવું છે...

એમ પેલા બાળકને તો જીવવું છે, તો તમે એને પીડાવાળું કે પીડા વિનાનું કોઈ પણ મૃત્યુ કઈ રીતે આપી શકો ? અરે, મરવાની ઈચ્છાવાળાને પણ મારો ને, તો એ ખૂન જ છે, તો જેને મરવાની ઈચ્છા નથી, એને મારવામાં તો ૧૦૦% ખૂન જ છે, તમે શી રીતે 'ગર્ભપાત' જેવા સોહામણા નામ આપીને એ પાપને 'અનિવાર્ય કર્તવ્ય' રૂપે સાબિત કરી શકો ?

- આતંકવાદીઓ જેમ બીજાઓને રિબાવી રિબાવીને મારે, એ એમની બેરહેમી છે. એમ બાળકને પેટમાં જ મારી નાંખવું એ આતંકવાદ જેવું જ પાપ છે. ફરક માત્ર એટલો છે કે,

બાળક અંદર છે, માટે દેખાતો નથી. પણ વ્યક્તિ ન દેખાય, એટલા માત્રથી વાસ્તવિકતામાં તો ફરક ન જ પડે ને !

બહેન ! ગર્ભપાત એ કેવા પ્રકારનું પાપ છે ? એ તું ઉપરના વિવેચન ઉપરથી સમજી જ ગઈ હશે.

# ૪

# ગર્ભપાતના કેટલાક સત્ય પ્રસંગો

(૧) ડૉક્ટરે કીધું કે 'બેમાંથી એક જ બચે, એવી સંભાવના છે.'

પતિએ કહી દીધું કે 'પત્નીને બચાવજો.' ભાગ્યયોગે બંને જીવ્યા, દીકરો મોટો થયો, દીક્ષા લીધી...

કોણ છે તે, જાણો છો ?

અમારા સમુદાયના ૫૫૦ સાધુઓમાં સૌથી વધારે બહુશ્રુત, કઠિનતમ ગ્રંથો ઉપર ઢગલાબંધ ટીકા લખનારા, સરસ્વતી પુત્ર, વર્ધમાન તપોનિધિ પૂ.આ. યશોવિજયસૂરિજી મ. !

પછી તો એમના પરિવારમાં ભાઈ-બહેન-મમ્મી-પપ્પા વગેરે બધાએ દીક્ષા લીધી.

(૨) એક સાધ્વીજી અમદાવાદના એક સંઘમાં પહોંચ્યા, પચીસેક વર્ષના પરિચિત બહેન વંદન કરવા આવ્યા, જરાક ઉતાવળમાં હતા, પૂછતાછ કરતાં ખબર પડી કે 'તે ગર્ભપાત કરાવવા જતા હતા.' ઘરે બે બાળકો થઈ ગયા હતા.

સાધ્વીજી આશ્ચર્યમાં પડ્યા. 'બહેન ! એ દિવસ તું ભૂલી ગઈ ? કે તું દીક્ષા લેવા માટે પરિવાર સાથે ઝઘડી હતી, કોઈને કહ્યા વિના તું ભાગી ગઈ હતી, પણ પરિવાર સામે તારું કશું ન ચાલ્યું અને રડતી આંખે તે લગ્ન કરેલા.'

નાનામાં નાના જીવને પણ ન મારવાની તીવ્રભાવનાવાળી તું આજે પેટના બાળકની હત્યા કરવા જાય છે ? શરમ નથી આવતી તને ?

ભૂતકાળ યાદ આવતાં એ બહેન રડ્યા, સંયમનો એ તલસાટ એમને આજે નિર્ણય બદલવા માટે મજબૂર બનાવી ગયો અને એમણે સંકલ્પ કરી લીધો. અમુક રકમ ચૂકવાઈ ગયેલી, ગર્ભપાત નક્કી થઈ ગયેલો, બધું જ રદ કરી દીધું અને રાજકુમારી નહિ, પણ દેવાંગના જેવી બાળકીને જન્મ આપ્યો.

આજે એ બહેન અત્યંત ખુશ છે, પોતાની દીકરીને દીક્ષા આપવાની તીવ્રતમ ભાવના છે. એ દીકરીને હજી સુધી ખબર નથી કે 'મોતના મુખમાં પહોંચી ગયેલી મને બચાવી લેનાર જિનશાસનના એક સાધ્વીજી હતા.'

(૩) સુરત-મુંબઈની વચ્ચેના નાનકડા શહેરમાં ગરીબાઈના કારણે પરિવારે ગર્ભપાતનો નિર્ણય તો લઈ લીધો, પણ એ દિવસોમાં પૂ. ગુરુદેવશ્રી તે શહેરમાં પહોંચ્યા, એમના હૃદયસ્પર્શી પ્રવચનમાં ગર્ભપાતની ભયાનકતા સાંભળીને મા-બાપે નિર્ણય બદલ્યો અને દીકરાને જન્મ આપ્યો...

પાંત્રીસ-ચાલીસ વર્ષ વીતી ગયા એ વાતને !

બે વર્ષ પહેલાં જ એ ભાઈ મળેલા મને !

પૂ. ગુરુદેવશ્રીનું નામ લે અને આંખોમાંથી અનરાધાર આંસુ વહે, અનુમોદના કરતા થાકે નહિ.

'મ.સા. ! દીકરો મસ્તીથી જીવે છે. હવે તો આર્થિક રીતે સારું છે. એ દુકાન સંભાળે છે. હજી સુધી એને ખબર નથી કે અમે એના મા-બાપ એને મારી નાખવાના હતા...'

એ ભાઈની પ્રસન્નતા ફોટામાં સંગ્રહી લેવા જેવી મનમોહક હતી.

(૪) એક બહેન કહે 'મ.સા. ! ત્રણ દીકરા અને બે દીકરીઓ છે એમાંથી બે દીકરા અને એક દીકરીએ દીક્ષા લીધી છે. મેં છઠ્ઠા ગર્ભને મરાવી નાંખેલો. આજે એમ વિચાર આવે છે કે જો એણે જન્મ લીધો

હોત, તો એના ભાઈ-બહેનની પાછળ એણે પણ દીક્ષા લીધી હોત. પણ...'

'મ.સા. ! એટલે જ મને વધારે પશ્ચાત્તાપ થાય છે, મેં પેટમાં એક બાળકને નહિ, પરંતુ એક સાધુ કે સાધ્વીને જ કપાવી નાંખ્યા છે, એટલે કે એક સાધુની હત્યાનું જ ઘોર પાપ મેં કર્યું છે.'

(૫) ચેન્નઈ શાહુકાર પેઠમાં રહેતા ઉત્તમ શ્રાવક સત્યવિજય ! (એમનું નામ સાધુ જેવું છે, પણ એ છે શ્રાવક !)

એમણે પોતાના નામ સાથે પોતાનો પ્રસંગ કહેવાની સંમતિ આપી છે. એ દિવસોમાં પેટ ભરવાના પણ ફાંફાં હતા, એમના પરિવારમાં !

પત્નીએ જણાવ્યું, 'ગર્ભપાત કરાવી લઉં...'

સત્યવિજય સત્યવક્તા બન્યા. 'આવનાર પોતાનું ભાગ્ય લઈને જ આવે છે, આપણે એને પોષનારા કોણ ? જે થવું હશે, એ થશે... પણ સંતાનને જન્મ આપવાનો જ છે.'

અને સંતાનનો જન્મ થયો, એ પણ પાછી દીકરી ! પણ એ લક્ષ્મીનો અવતાર નીકળી. એના આવ્યા પછી સત્યવિજય ખૂબ કમાયા, બધું દેવું તો ઉતારી જ દીધું, સાથે સાથે પોતાની મૂડી પણ બનાવી દીધી.

'આજે તો દીકરી મોટી થઈ ગઈ છે. **C.A.** છે. **Job** કરે છે. વર્ષે દસ લાખ કમાય છે.'

પરિવારની ધાર્મિકતા પણ જુઓ.

સત્યવિજય અંજનશલાકા-પ્રતિષ્ઠાદિના કાર્યક્રમોમાં વિધિકારક તરીકે જાય છે, પણ એક પણ રૂપિયો લેતા નથી. કોઈને એમ ન લાગે કે 'એમની પાસે પૈસા ઓછા છે' માટે પાંચ-છ વીંટીઓ+જાડી સોનાની ચેઈન વગેરે મોંઘા ઘરેણા પહેરીને જાય. રાત્રિભોજન ત્યાગાદિ તો એમના જીવનના સામાન્ય ધર્મકાર્યો છે.

એમની દીકરીની ધાર્મિકતા પણ આંખે ઉડીને વળગે એવી છે.

ચોમાસાના ૫૦ દિવસ રાત્રે નહિ જ ખાવાનું, મોટી કંપનીમાં **Job** હોવા છતાં પણ ઘરેથી ટીફીન લઈને જવાનું અને સૂર્યાસ્ત પહેલાં ખાઈ લેવાનું. ઘરેથી જ ઉકાળેલું પાણી લઈ જવાનું... વગેરે.

તમે એને રૂબરૂ કે ફોનથી મળવા માંગતા હશો, તો ચોક્કસ એમનો સંપર્ક કરાવી આપશું.

(૬) ગર્ભને વધારે મહિના થઈ ગયા હોવાથી ગર્ભપાત કરાવવો શક્ય ન હતો. કાયદેસર ગુન્હો હતો, પરંતુ કોઈક કારણસર માએ જીદ પકડી. ડૉક્ટરે પૈસા ખાઈને ગર્ભપાતનો પ્રયત્ન કર્યો. પણ બાળક મર્યો નહિ, જન્મ તો પામ્યો પણ ગોળી વગેરેની વિપરીત અસરના કારણે એનું સ્વરૂપ એકદમ વિકૃત થઈ ગયેલું હતું. એને જીવતો રાખવો ડૉક્ટરને ઉચિત ન લાગ્યું. મમ્મીએ પણ સંમતિ આપી. નિર્દય ડૉક્ટરે એને મારી નાંખ્યો અને બારીમાંથી બહાર ગટરમાં નાંખી દીધો, નહિ તો **Police Case** વગેરેનો ડર હતો.

(૭) આપણે કલ્પના પણ ન કરી શકીએ, એવી ક્રુરતા ચારે બાજુ ફેલાયેલી છે. હમણાં જ એવું સાંભળ્યું કે ચીનમાં કેટલાકોને માણસનું અને એમાં પણ ગર્ભસ્થ બાળકનું માંસ ખૂબ ભાવે છે, એ માટે તેઓ રશિયાથી ગર્ભસ્થ બાળકોને ઈમ્પોર્ટ કરે છે.

ભૌતિક સુખ પાછળ પાગલ બનેલી કેટલીક સ્ત્રીઓ ગર્ભ ધારણ કરે છે. ચાર-પાંચ મહિના બાદ ઑપરેશનાદિ દ્વારા એ બાળકને બહાર કાઢે છે અને એવા એ બાળકોને ચીન મોકલવામાં આવે છે.

આ વાત મેં સાંભળેલી છે. પણ એક **Live** ફોટો તો મેં નજરોનજર જોયો છે. જેમાં એક પુરુષ નાના બાળકના નાના હાથને ખાઈ રહ્યો છે...

આવા આવા કારણોસર, ધંધા માટે પણ ગર્ભપાત થાય, એ કેવું ઘોરાતિઘોર પાપ !

પ્રસંગોનો તો કોઈ અંત નથી.

આમાં મેં સારા પ્રસંગો વધારે બતાવ્યા છે. જેમાં ગર્ભપાત થતો નથી પણ થવાનો હતો અને અટકી ગયો અને એના કારણે ઘણા ફાયદા થયા...

આ વાંચીને તમે પણ **Positive** નિર્ણય લો, એ જ એકમાત્ર ભાવના છે.

# ૫

# ગર્ભપાતના નુકસાન શું ?

નુકસાન બે પ્રકારના - (૧) આ-લોકના, (૨) પરલોકના.

પહેલા આલોકના નુકસાન જોઈએ.

(૧) ગોળીની કે મશીનની જો આડ અસર થાય, કંઈક ગરબડ થાય, તો આખી જિંદગી માટે સંતાનપ્રાપ્તિ રદ થાય. પછી રડવાનો, પસ્તાવો કરવાનો વારો આવે.

(૨) આવી હિંસા કરનારાનું પુણ્ય લગભગ મરી પરવારે. એને શારીરિક રોગો થાય. એટલે શરીરમાં કંઈ ને કંઈ નાની-મોટી તકલીફો થયા જ કરે. એમાં ય ગોળીઓ લેનારી સ્ત્રીને લગભગ કૅન્સર, જલન, દાહ વગેરે થવાની સંભાવના પાકી. ક્યારેક બળી જવાનું, બળી મરવાનું પણ બને.

(૩) મશીનથી ગર્ભપાત કરાવનારને અકસ્માતાદિ થવાની સંભાવના ખરી. કર્મો વિચિત્ર છે. તમે જેવું કરો, એવું ફળ આપે.

(૪) જો બહાર ખબર પડે, તો સમાજમાં નિંદા-ટીકા થવાની જ. અરે, 'ગર્ભપાત કેમ કરાવ્યો હશે ?' એમાં અલગ અલગ કારણોની કલ્પના પણ લોકો તો કરી બેસે. સ્ત્રીના ચારિત્ર ઉપર પણ આરોપ આવી શકે છે.

(૫) આવી ઘોર હિંસા કરનારાઓ લગભગ આર્થિક રીતે પાયમાલ થઈ જાય છે. પૈસો ખતમ થાય છે, પ્રતિષ્ઠા ખતમ થાય છે, અણકલ્પી આપત્તિઓના ધાડેધાડા એના ઉપર ઉતરી આવે છે.

આ માત્ર કલ્પના નથી, વાસ્તવિકતા છે.

(૬) જો એ મરનાર બાળક વ્યંતર-વાણવ્યંતર કક્ષાનો હલકો દેવ બને તો આખા પરિવાર ઉપર બદલો વાળે. ઉંઘમાં બિહામણા સ્વપ્નો દેખાય. કોઈકને વળગાડ થઈ જાય... આવું તો કંઈ ને કંઈ ઉંધુ-ચત્તુ એ દૈવી પ્રકોપના કારણે પણ થયા જ કરે.

વધારે તો શું કહું ?

ગર્ભપાત કરાવી ચૂકેલાઓના જીવનમાં નજર કરજો, એ દુઃખી-દુઃખી હોવાની સંભાવના પાકી. બિચારાઓ આત્મહત્યા કરી બેસે, એટલી હદ સુધીની પરેશાની એમના જીવનમાં આવે, તો પણ આશ્ચર્ય નહિ...

હવે પરલોકના નુકસાનો જોઈએ :

(૧) શારીરિક કોઈપણ ખરાબી ન હોય, તો પણ સંતાનપ્રાપ્તિ ન થાય.

(૨) કદાચ ગર્ભ રહે ખરો, પણ બધા જ સંતાન મરેલા જ જન્મે. તમને આશ્ચર્ય થશે, ચેન્નઈમાં એક જૈન બહેને છ-છ વાર ગર્ભ ધારણ કર્યો. પણ કાં તો ગર્ભ અંદર જ ખતમ થઈ ગયો, કાં તો મરેલ જ જન્મ્યો, કાં તો જીવતો જન્મ્યા પછી તરત જ મરી ગયો.

(૩) ગર્ભપાત કરાવનાર આવતા ભવમાં પોતે જ ગર્ભપાતનો ભોગ બને. એટલે કે, એની મમ્મી એને મારી નાંખે, જે રીતે આ ભવમાં એણે પોતાના સંતાનને માર્યો, તેમ...

(૪) નરક-તિર્યંચની સંભાવના પાકી... કેમ કે પંચેન્દ્રિયવધનું ઘોર પાપ છે.

(૫) ગરીબાઈ, કદરૂપતા, ધિક્કારપાત્રતા, અપ્રિયતા... વગેરે વગેરે અનેક માનસિક પરેશાની ઉભી કરનારા દૂષણો પરભવમાં અવશ્ય થાય.

આ માત્ર બિંદુ દેખાડ્યો, સિંધુ તમે જ સમજી લેજો.

તમે વર્તમાન જુઓ,

(૧) સંતાન પ્રાપ્તિ માટે તડપતા દંપત્તિઓ દેખાય છે ને ?

(૨) મૃત બાળકને જન્મ આપનારા દેખાય છે ને ?

(૩) સંતાન હોવા છતાં સંતાનોનો માર ખાનારા મા-બાપ દેખાય છે ને ?

(૪) સંતાનોની ગાળો ખાનારા દેખાય છે ને ?

(૫) હર્પિસ્ રોગના કારણે આખા શરીરમાં જલન થતી હોય, એવા પણ તમને ચિક્કાર લોકો દેખાય છે ને ?...

દુનિયામાં દેખાતી આવી અનેક વિષમતાઓનું એક કારણ એમણે પૂર્વભવમાં કરાવેલો ગર્ભપાત પણ હોઈ શકે છે... એ ન ભૂલવું.

દર્શાવેલા નુકસાનો વાંચવામાં તો બે જ મિનીટ લાગશે, ચિંતન કરવામાં કલાકો લાગી જશે, પણ એ રીતસર અનુભવાય એવી લાગણીશીલતા તમે કેળવી લો, એટલી અપેક્ષા વિશેષથી છે.

નુકસાનોથી ગભરાયેલો જીવ પાપકાર્યોથી અટકે એ સંભાવના પાકી છે. જેમ ફાંસી વગેરે શિક્ષાઓથી ગભરાયેલો જીવ હિંસાદિ ગુન્હાઓથી અટકે છે... એમ !

# ૬

# ગર્ભપાત કરાવી દીધો હોય, તો શું કરવું ?

આ પુસ્તક હાથમાં આવતા પહેલાં જ જીંદગીમાં એકવાર ગર્ભપાત કરાવી જ ચૂક્યા હો, તો હવે શું કરશો ? તમને ચોક્કસ ડર લાગશે જ કે 'શું અમે નરકમાં જઈશું ? અમે દુર્ગતિઓમાં ભટકશું ?...'

આનો જવાબ એ છે કે રોગ થાય, એટલે મોત જ થાય એવો નિયમ નથી. જો દવા બરાબર કરી દેવામાં આવે અને રોગ એકદમ વકરેલો ન હોય, તો રોગ મટી શકે છે, મોત ટળી શકે છે.

એમ ગર્ભપાત કરનારાએ ભયંકર પાપ બાંધેલું જ છે... પણ એનું નિવારણ કરવું શક્ય છે.

તો આ પ્રમાણે -

(૧) આ પુસ્તક વાંચીને કે બીજી રીતે પણ ઘોર પશ્ચાત્તાપ થાય કે 'અરેરે ! મેં આ શું કરી નાંખ્યું ? હું પાપી ! હું અધમ !'

(૨) એ પછી પણ શરમના કારણે ગુરુને પાપ ન કહે, છુપાવે તો ખોટું જ છે. એટલે બીજો ક્રમ એ જ છે કે પોતાનું પાપ છુપાવ્યા વિના સદ્ગુરુને કહી દેવું. ગર્ભપાતનું તગડું કે નબળું... જે પણ કારણ હોય, તે જણાવવું... કેટલા મહિના બાદ, કોની પાસે, કેવી રીતે, કયા ભાવથી ગર્ભપાત કરાવેલો ?... વગેરે બધી જ વાતો વિસ્તારથી કહેવી. આનું નામ આલોચના.

- એક પણ વાત છુપાવવી નહિ.

- શાસ્ત્રજ્ઞાતા - એકંદરે આચારપાલક મહાત્માને જ કહેવી.

- લખીને કે બોલીને કહેવી...

- એક જણને (શક્ય હોય તમારા પતિ જ) સાથે લઈ જવા, સાધુ પાસે એકલા ન જવું. ભલે એ બીજી વ્યક્તિ ત્યાં દૂર જ બેસે.

(૩) તમે આલોચના કરશો, એટલે ગુરુ તમને પ્રાયશ્ચિત્તરૂપે ઉપવાસ-આયંબિલ-સામાયિક વગેરે તપ આપશે. આનું નામ પ્રાયશ્ચિત્ત ! આ બધું બરાબર કરવું. સમયસર પૂર્ણ કરવું.

પ્રાયશ્ચિત્ત અંગે ખાસ સૂચનાઓ...

- ગુરુ જે આપે, એ સ્વીકારવાની તૈયારી રાખો... 'મારાથી ઉપવાસ નહિ થાય, મારાથી રાત્રિભોજન ત્યાગ નહિ થાય...' એવા કોઈપણ બહાના ન કાઢો. આટલું ઘોર પાપ કરી લીધા બાદ પ્રાયશ્ચિત્ત કરવામાં આવા બચાવો શા માટે ? કૅન્સરવાળાઓ કેમો લે છે, એમાં આખા શરીરમાં ભયંકર બળતરા થાય છે, માથાના બધા જ વાળ ખરી પડે છે અને છતાં તેઓ કેમો લે જ છે. જો એક ભવ સંબંધી રોગને દૂર કરવા માટે આટલી અઘરી ચિકિત્સા કરાવવાની તૈયારી હોય, તો ગર્ભપાતનું પાપ તો અનંતા ભવો ભટકાવનાર છે. એને ખતમ કરવા માટે ઉપવાસ વગેરે રૂપ તપ કરવાની ના શા માટે ? બહાના શા માટે ?

'કેમો'ની ટ્રીટમેન્ટ કરતા તો ઉપવાસાદિ એકદમ સરળ જ છે ને ?

તમે બચાવ કરશો તો ગુરુ તો કરૂણા કરી પણ દેશે, પણ એ તમને નુકસાન જ કરશે. એ પાપ જલ્દી છૂટશે નહિ.

એટલે સામેથી કહેવું કે 'ગુરુદેવ ! મારી દયા ન ખાશો, હું ખૂની છું. મને સખતમાં સખત પ્રાયશ્ચિત્ત આપજો. મોત સુધીનું પ્રાયશ્ચિત્ત મારે મંજુર છે.'

- પ્રાયશ્ચિત્ત માટે ઉત્સાહ દર્શાવ્યા. પણ પછી મળેલું પ્રાયશ્ચિત્ત પૂરું કરવા માટે પણ એટલો જ ઉત્સાહ દર્શાવવો... પછી પ્રમાદ-આળસ ચડે

અને ગુરુએ આપેલા સમય દરમ્યાનમાં પ્રાયશ્ચિત્ત પૂરું ન થાય, તો એ ન ચાલે.

એકદમ ગાઢ કારણસર પ્રાયશ્ચિત્ત પૂરું ન જ થાય, એવું લાગે તો પહેલેથી જ ગુરુની સંમતિ લઈ લેવી. ગુરુને પૂછ્યા વિના એમને એમ કશું જ ન કરવું. શક્ય હશે, તો ગુરુ પ્રાયશ્ચિત્ત બદલી આપીને પણ સમયસર પ્રાયશ્ચિત્ત પૂરું કરી અપાવશે.

(૪) 'ભવિષ્યમાં આ પાપ હું ફરી નહિ જ કરું' એવો દૃઢ સંકલ્પ, પ્રતિજ્ઞા એનું નામ જ અકરણ નિયમ !

રોગની દવા લીધા પછી પણ રોગના કારણો જો ચાલુ જ હોય, તો રોગ શી રીતે મટવાનો ? સૂંઠ લેવા છતાં પણ દહીં-શીખંડ ચાલુ જ હોય, તો શરદી શી રીતે મટવાની ? એમ પાપ-રોગની દવા પ્રાયશ્ચિત્ત કરી લીધા પછી પણ ગર્ભપાત રૂપ પાપક્રિયા જો ચાલુ જ રહે, બીજીવાર થાય તો એ અશાતા આદિ પાપકર્મો રૂપી રોગો શી રીતે ખતમ થાય ?

અને આ પાપ છોડી દેવું એ આસાન પણ છે. આ કંઈ વ્યસન રૂપ થઈ ગયેલું પાપ નથી.

બસ,

જેનાથી ગર્ભપાત થઈ ગયો હોય, તેઓ પોતાના આત્માને બચાવી લેવા માટે આ ચાર વસ્તુ અવશ્ય કરે.

(૧) પશ્ચાત્તાપ, (૨) આલોચના, (૩) પ્રાયશ્ચિત્ત, (૪) અકરણ નિયમ.

આ ઉપરાંત કેટલીક નવી બાબતો... પ્રાયશ્ચિત્ત ઉપરાંત કરવા જેવી કેટલીક બાબતો... જો ઉચિત લાગે, તો ખાસ કરવી. તમારા પાપને ધોવા માટે આ વસ્તુ પણ અત્યંત ઉપયોગી બનશે.

(૧) શક્ય હોય, તો અનાથાશ્રમના બાળકોને સહાય કરવી. કમ સે કમ એક બાળક પૂરતો તો તમામ ખર્ચ તમારે ઉપાડી જ લેવો. તમે

એક બાળકને માર્યો છે ને, તો હવે એક બાળકને બરાબર જીવાડો.

(૨) શક્ય હોય, તો ખાનદાન જણાતા એક બાળકને દત્તક લઈને એને મોટો કરો. એ રીતે એકને જીવનદાન+જૈનધર્મનું દાન કરો. જૈનશાસનને એક જૈન બાળકની આ રીતે પણ ભેટ આપો.

(૩) 'સાઈલન્સ સ્ક્રીમ' નામની ૨૫ મિનીટની ફિલ્મ જોવી.

(૪) આ ફિલ્મનો અને આ પુસ્તકનો ચારે બાજુ જોરદાર પ્રચાર કરવો.

(૫) શક્તિ પ્રમાણે આ પુસ્તક છપાવી અથવા તો એની ૧૦૦-૫૦૦ નકલો ખરીદીને એને ઘરે ઘરે પહોંચાડો. પહેલા જૈનોમાં... પછી અજૈનોમાં... એક પણ સંતાન તમારી આ મહેનતના કારણે ગર્ભપાતનો ભોગ બનતા બચશે... તો એનું પુણ્ય તમને મળશે. તમારું આ એક સાચું પ્રાયશ્ચિત્ત જ સમજો. તમારા વેપાર માટે તમે તમારી વસ્તુઓની **Add** કેટલી જોરદાર કરો છો ને ? એટલી જ મહેનત આ ફિલ્મ અને આ પુસ્તક માટે કરો. અત્યાર સુધી માત્ર ૧૦ લાખ લોકોએ આ ફિલ્મ જોઈ છે. હવે તમારા બધાના પ્રયત્નથી માત્ર એક જ વર્ષમાં આ આંક ૧૦ કરોડ સુધી પહોંચવો જોઈએ. મને દૃઢ વિશ્વાસ છે કે આ ફિલ્મ જોનારાઓમાંથી ૯૦% લોકો તો આખી જીંદગી માટે ગર્ભપાત નહિ કરાવવાની બાધા લઈ જ લેશે.

(૬) છોકરા-છોકરીઓ ૧૫-૧૬ વર્ષની ઉંમરના થાય, તે પછી એમને આ ફિલ્મ બતાવી, વાસ્તવિકતા સમજાવી દૃઢ પ્રતિજ્ઞા કરાવો કે 'તેઓ પોતાની જિંદગીમાં આ પાપ નહિ કરે.'

(૭) સ્કૂલ-કૉલેજોમાં છોકરીઓને આ આખી ફિલ્મ દેખાડો અને ત્યારે જ એની ગંભીરતા સમજાવી પ્રતિજ્ઞા અપાવો.

(૮) તમારી મનપસંદ અને લગભગ રોજ સામે આવતી કોઈપણ એક ખાવાની વસ્તુનો ત્યાગ કરો.

રસગુલ્લા મનપસંદ હોય, તો પણ એ વર્ષમાં પાંચ-દસ વાર જ નજર સામે આવવાના, એટલે એની બાધા લેવામાં વિશેષ છોડવાનું નહિ થાય, એ પાપ વારંવાર યાદ નહિ આવે. એટલે જ વારંવાર પશ્ચાત્તાપ પણ નહિ જાગે.

પણ 'ચા' છોડો કે ભાત છોડો... તો એ તો વારંવાર નજર સામે આવવાની જ છે, એટલે એનો ત્યાગ કરશો, તો વારંવાર ઉપયોગ આવશે કે 'મેં ગર્ભપાતનું પાપ કરેલું, એના પ્રાયશ્ચિત્ત રૂપે મેં આ વસ્તુ છોડી છે, મારે વાપરવાની નથી...'

બપોરે કોઈ પણ એક જ શાક ખાવું. પહેલી રોટલી લુખી ખાવી, સવારે એક જ ખાખરો લુખો ખાવો, પાપડ-ખીચીયા બંધ... આવી આવી કોઈપણ બાધા લઈ શકાય...

બસ,

ગર્ભપાત કરી ચૂકેલાઓ આટલી કાળજી રાખે, એ જ એકમાત્ર ભાવના...

*- તિથિ : જેઠ સુદ-અગિયારસ,*
*વિ.સં.૨૦૭૩, તા. ૫-૬-૨૦૧૭,*
*અરિહંત, શિવશક્તિ એપાર્ટમેન્ટ.*